**સુવિચાર**

ઘડિયાળ કાંડા પર હોય છતાં કેટલીક વ્યકિતને આજકાલ સમયની કોઈ જ કિંમત નથી.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૮/૦૮/૨૦૨૪, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ શ્રાવણ સુદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૨૧૧

ફ્રી સારવાર
શ્રેષ્ઠ સારવાર
...ફ્રી સારવાર...
નીચે મુજબના રોગો માટે દાખલ દર્દીઓની ફ્રી સારવાર સુવિધા..
- હૃદય રોગ, બીપી,ડાયાબિટીસ
- શ્વાસ દમ, ન્યુમોનિયા
- પેરાલીસીસ (પક્ષઘાત) ખેંચ, આંચકી
- ઝાડા-ઉલ્ટી, કમળો, પેટના રોગ
- દરેક પ્રકારના તાવ,મેલેરિયા, ડેન્ગ્યુ, ટાઈફોઈડ, વાયરસ
- કિડની, લીવર, આંતરડાના રોગો
- ડાયાલિસિસ વગેરે દર્દીઓની ફ્રી સારવાર સુવિધા

...ઉપલબ્ધ યોજના...
- કેશલેસ મેડિકલેમ સુવિધા
- આયુષ્યમાન ભારત યોજના
- જી.એસ.આર.ટી.સી. (એસ.ટી.)માન્ય હોસ્પિટલ

નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## પશ્ચિમ બંગાળમાં મહિલા તબીબ સાથે થયેલ જઘન્ય ગુન્હાનાં વિરોધમાં

# અમરેલી જિલ્લાનાં તબીબોમાં નારાજગીનો માહોલ

**જિલ્લાની તમામ હોસ્પિટલ અને કિલનિકમાં તબીબો દર્દીઓની ચકાસણીથી દૂર રહ્યા**

**મહિલા તબીબની હત્યા કરનાર આરોપીઓને કડક સજા કરવાની માંગ કરાઈ**

**જો કે તબીબોએ માનવતા ખાતર ઈમરજન્સી સારવાર શરૂ રાખી**

**સાવરકુંડલા, બાબરા, લીલીયા, અમરેલી સહિત જિલ્લાભરનાં તબીબો કામકાજથી અળગા રહ્યા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૧૭

અમરેલી જિલ્લાનાં તમામ તબીબોએ આજે ઈન્ડિયન મેડિકલનાં એલાનનાં અનુસંધાને પશ્ચિમ બંગાળમાં મહિલા તબીબ સાથે થયેલ જઘન્ય ગુન્હાનાં વિરોધમાં સવારનાં ૬ થી રવિવાર સવારનાં ૬ સુધી દર્દીઓની ચકાસણી કરવાથી દૂર રહ્યા હતા અને જઘન્ય ગુન્હો કરનાર આરોપીને કડકમાં કડક સજા આપવાની માંગ કરી હતી. જો કે તબીબોએ માનવતા ખાતર ઈમરજન્સી સારવાર શરૂ રાખી હતી.

અમરેલી જિલ્લાનાં તમામ શહેરો અને ગ્રામ્ય વિસ્તારનાં તબીબો જેમાં એલોપેથિક, આયુર્વેદિક, હોમીયોપેથીકની પ્રકટીશ કરે છે તેઓ કામકાજથી અળગા રહ્યા હતા.

**બાબરા**

બાબરામાં મેડિકલ એસોશિયન દ્વારા એક દિવસ હોસ્પિટલ અને દવાખાના બંધ રાખી તમામ ડોકટરે ઓપીડી બંધ રાખી પ્રેકિટસથી અળગા રહ્યા હતા.

બાબરામાં સેવા ભારતી હોસ્પિટલ, ઓમ હોસ્પિટલ, ડો. વિભાબેન કિલનિક, મધર કેર, સીતારામ હોસ્પિટલ, કુંજ કિલનિક સહિતના આશરે ૪૦ જેટલા નાના મોટા દવાખાના સજ્જડ બંધ રહ્યા હતા અને માત્ર ઈમરજન્સી સેવાઓ શરૂ રાખવામાં આવી હતી.

બાબરા મેડિકલ એસોશિયનના સેક્રેટરી ડો. વેલાણી દ્વારા જણાવ્યું હતું કે, કલકતામાં જે મહિલા ડોકટર પર ઘટના બની તેને વર્ણવવી યોગ્ય નથી. ત્યાંની રાજય સરકાર અને કેન્દ્ર સરકાર આ બાબતે દાખલારૂપ કામગીરી કરી મહિલા ડોકટરને ન્યાય આપે આ ઘટનાને બાબરા મેડિકલ એસોશિયન સખત શબ્દોમાં વખોડી આરોપી વિરૂદ્ધ ઝડપથી કાર્યવાહી થાય અને મજબૂત સજા મળે તેવી માંગ કરવામાં આવી છે.

ડોકટરને સલામતી આપવામાં રાજય સરકાર અને કેન્દ્ર સરકાર કાયદો પસાર કરે તો સામાન્ય હુમલા તેમજ આવા ગંભીર બનાવો ભવિષ્યમાં બને નહિ તેવું અંતમાં બાબરા મેડિકલ એસોશિયનના સેક્રેટરી ડો.

અનુસંધાન પાના ૬ ઉપર

## રખડતા પશુઓની સમસ્યા વિકરાળ બની

# બાબરાનાં ભીલડી ગામ નજીક માર્ગ ઉપર આખલો વચ્ચે આવતાં આધેડનું મોત

**આધેડનું પડી જવાથી ગંભીર ઈજા થતા મોત**

અમરેલી, તા. ૧૭

બાબરા તાલુકાના ભીલડી ગામે રહેતા કરશનભાઈ ગંગદાસભાઈ કરડ નામનાં ૫૫ વર્ષિય આધેડ તા. ૧૫ના રોજ સવારે ૮ વાગ્યે પોતાની વાડી ખેતરેથી કામ કરી ઘરે પરત આવતા હોય ત્યારે ભીલડી ગામના બસસ્ટેન્ડથી ચિત્તલ તરફ જવાના પુલ પાસે રોડ ઉપર અચાનક એક ખુંટીયો (આખલો) વચ્ચે આડો આવતા તે પડી જતા માથાના ભાગે ગંભીર ઈજા થતા સારવાર પર લઈ જતા ફરજ પરના ડાકટરે મરણ ગયેલાનું જાહેર કરેલ હતું.


## નિવૃત્ત કર્મચારીઓમાં અપાર લોકચાહના મેળવનાર

# અમરેલીનાં નિષ્ઠાવાન તિજોરી અધિકારી જયેશભાઈ ખાચરની અણધારી વિદાય

**જિલ્લાનાં વહીવટી તંત્રએ ઉમદા અધિકારી ગુમાવી દીધા**

અમરેલી, તા. ૧૭

અમરેલીનાં તિજોરી અધિકારી તરીકે ફરજ બજાવતા જયેશભાઈ ખાચરનું નિધન થતા જિલ્લાનાં વહીવટી તંત્રએ એક નિષ્ઠવાન અધિકારીને ગુમાવી દીધા છે. અમરેલી ખાતે તેઓએ થોડા જ મહિનામાં નિવૃત્ત કર્મચારીઓના પડતર કામોનો ઝડપથી નિકાલ કરતા નિવૃત્ત કર્મચારીઓ તેમના કાર્યથી ભારે પ્રભાવિત બન્યા હતા. તિજોરી અધિકારીએ યુવાવયે જ વિદાય લેતા નિવૃત્ત કર્મચારીઓ સહિત સમગ્ર વહીવટી તંત્રમાં શોકનો માહોલ છવાયો છે.



બાબરા પાંચાળ વિસ્તારમાં આવેલ સાવ નાનકડું એવું ગામ નિલવળા આવેલું છે. ત્યાંથી એક યુવાન જયેશભાઈ ભાભલુભાઈ ખાચર (ઉ.વ. ૨૯) જે મોટો અધિકારી બની સમગ્ર સમાજનું નામ રોશન કર્યુ હતુ.

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,990/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૭/૦૮/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna Dining Hall
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૬૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
- ઉદાસી રોગ
- મરવાના વિચાર આવવા
- વિચારવાયુ
- વહેમ, શંકા
- મંદબુધ્ધિ બાળકોની સારવાર
- ચિંતા - ટેન્શન
- માથાનો દુઃખાવો
- જાતિય રોગો
- વ્યસનમુકિત : દારૂ,બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

LG
FREEDOM OFFERS*
26 CASHBACK ₹26000 | 3 YEAR WARRANTY | FIXED EMI ₹1999
LG FREEDOM CARNIVAL 02nd - 15th August
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી. મો. 99 74 77 23 77

# દિલીપ સંઘાણીની અધ્યક્ષતામાં વર્લ્ડ કો.ઓપ. ઈકોનોમી ફોરમની બોર્ડ બેઠક યોજાઈ



નવી દિલ્હી ખાતે દિલીપ સંઘાણીની અધ્યક્ષતામાં વર્લ્ડ કો– ઓપરેટીવ ઈકોનોમી ફોરમની બોર્ડ મીટીંગ સંપન્ન થયેલ હતી. સંઘાણીએ જણાવેલ હતુ ક સહકારી માળખુ અનેક વિકાસશીલ યોજનાઓ સાથે કામ કરી રહેલ છે જેમાં સહકારી તાલીમ, યોજનાઓનું અમલીકરણ, જન જાગૃતિ સેમીનાર વિગેરેને વૈશ્વિકસ્તરે મુકવા અને તેની આપૂર્તિ માટે વર્તમાન અને ભાવિ આયોજનો અનેક દેશોના રાષ્ટ્રિય સ્તરે યોજાય રહ્યા છે. સંઘાણીએ વધુમાં જણાવેલ કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી કહે છે કે આપણો ભારત દેશ બુધ્ધનો દેશ છે યુધ્ધનો નહી તેમજ સહકારી માધ્યમથી વિશ્વ પુરૂત્થાન માટે અને વિશ્વ શાંતી માટે સહકારી તજજ્ઞો સાથે ચર્ચા કરી. વિશ્વમાં સહકારીતાનું પ્રસંશનીય કામ કરનાર સહકારી મહાનુભાવોનું ત્રિભોવનદાસ પટેલ એવોર્ડથી સન્માનીત કરવામાં આવશે તેવી ઘોષણા કરવામાં આવશે. આ બોર્ડ બેઠકમાં એમ.એસ.પી. કમીટીના વિનોદભાઈ આનંદ, સીએનઆરઆઈ ના અધ્યક્ષ જીતેન્દ્રભાઈ શર્મા, ઈડો પેસેફીક ચેમ્બર ઓફ કોમર્સના અધ્યક્ષ વિશ્વાસભાઈ ત્રિપાઠી, ધ પાયોનીયર ન્યુઝના અધ્યક્ષ પ્રશાંતભાઈ તિવારી, નિતી આયોગના ડો. નીલમબેન પટેલ, ડો. નીમીષાબેન ઝા, ડો. મલ્લિકાબેન કુમાર, આઈ.આર.એમ.એ. ના રાકેશભાઈ અરાવતીયા ઉપસ્થિત રહ્યા હતા તેમ કાર્યાલયની અખબારી યાદીમાં જણાવાયું છે.

### વિદ્યાર્થીઓ દેવકા વિદ્યાપીઠથી આવતા હોય

## સાવરકુંડલાથી ૪ કિ.મી. દૂર છોટા હાથી પલ્ટી જતા ૧૫ જેટલા વ્યકિતઓને ઈજા

### નિયમ વિરૂધ્ધ દોડતા વાહનોને લઈને પરેશાની



સાવરકુંડલા, તા. ૧૭

સાવરકુંડલાથી ભુવા તરફ જતા રોડ ઉપર ચાર કિલોમીટર દુર ખુલ્લુ છોટા હાથી પલ્ટી જતા અંદર સવાર વિદ્યાર્થીઓ સહિત નાના મોટા ૧૫થી ૧૭ જણાને ઈજાઓ થવા પામી છે. બનાવની જાણવા મળતી વીગતો મુજબ, રાજુલા પાસેના દેવકા વિદ્યાપીઠ ખાતે અભ્યાસ કરતા અને સ્વામીના ગઢડા પાસેના મોટા ગોરડકા ગામના ૧૦થી ૧૨ જેટલા વિદ્યાર્થીઓને તેમના વાલીઓ જન્માષ્ટમીનું વેકેશન હોય દેવકા વિદ્યાપીઠ થી તેડીને પોતાના વતન ગઢડા તાલુકાના મોટા ગોરડકા ગામે જવા ખુલ્લુ છોટા હાથી જી.જે.–૩૩ટી ૩૭૬૬માં નીકળ્યા હતા. જે સાવરકુંડલા થી ભુવા રોડ ઉપર ચાર કિલોમીટર દૂર પહોંચ્યા હતા. ત્યાં ડ્રાઈવરે કાબુ ગુમાવતા છોટા હાથી રોડ સાઈડના ખાળીયામાં પલટી ગયું હતું. છોટા હાથી પલટી જતા વિદ્યાર્થીઓમાં રાડારાડ અને ચીસાચીસ થઈ જવા પામી હતી. બનાવની જગ્યાએથી સાવરકુંડલાના કાનજી બાપુ મિત્ર મંડળના સ્વયંસેવકો ધર્મેશભાઈ ટાંક સહીત પસાર થતા હોય તેઓએ અકસ્માત જોતા તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફત સાવરકુંડલા સારવાર માટે ખસેડવા વ્યવસ્થા કરી હતી. સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નથી. માંકણા ગામ, કામરેજ જી.સુરત) અને મુળ રાજુલા તાલુકાના બાબરીયાધાર ગામના વતની મો.નં.૯૮૭૯૯૦૯૧૭૨ને આગુન્હાના કામે ગઈ તા.૧૫ ના રોજ રાત્રે ૯ વાગ્યે અટક કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટ દ્વારા આરોપીના દિન ૫ના રીમાન્ડ મંજુર કરેલ છે.

### જામજોધપુર–ગારિયાધાર રૂટની એસ.ટી. બસ ખખડધજ હોય

## બગસરા નજીક પસાર થઈ રહેલ એસ.ટી. બસનો ઈમરજન્સી દરવાજો અચાનક ખુલ્લી જતાં બાળક પડી જતા સારવારમાં

### ઈજાગ્રસ્ત બાળકને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૭

ધારી–ગુદાળી નજીક જામજોધપુર–ગારીયાધાર રૂટની એસ.ટી. બસનો ઈમરજન્સી દરવાજો અચાનક ખુલ્લી જતા બાળક નીચે પડતા બગસરા એસ.ટી. ડેપો ખાતેથી ઈજાગ્રસ્ત બાળકને ૧૦૮ દ્વારા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો.

અંગે વધુ જાણવા મળ્યા મુજબ, ગારીયાધાર ડેપોની એસ.ટી. બસ જામજોધપુરથી ગારીયાધાર તરફ જઈ રહી હોય તે દરમિયાન ધારી–ગુંદાળી ગામ નજીક એસ.ટી. બસનો ઈમરજન્સી દરવાજો એકાએક ખુલ્લી જતા બાળક કાવ્યરાજસી.સિંહ પરમાર (ઉ.વ.૯)નું નીચે પડી જતા અકસ્માત સર્જાયો. એસ.ટી.બસમાં આશરે ૬૫ જેટલા મુસાફર હોય તે દરમિયાન અચાનક આઈમરજન્સી દરવાજો ખુલ્લી જતા અકસ્માત બન્યો. ગારીયાધાર ડેપોની એસ.ટી. બસ નંબર જી.જે. ૧૮ ઝે ૭૪૯૧ નંબરની એસ.ટી. બસનો ઈમરજન્સી દરવાજો ખુલ્લી જતા બાળક નીચે પડી જતા ઈજાગ્રત થયેલ બાળકને તાત્કાલિક બગસરા એસ.ટી. બસસ્ટેશન ખાતે પહોંચાડી ૧૦૮ દ્વારા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ હોવાનુ જાણવા મળ્યુ.

### જનતા જનાર્દનના પરસેવાનાં પૈસાનો સદ્ઉપયોગ થતો નથી

## રાજુલાનાં મજાદર ગામ નજીક નેશનલ હાઈવે ઉપર બનાવાયેલ પુલમાં ગાબડુ પડતા આશ્ચર્ય

### દિવસ–રાત હજારોની સંખ્યામાં વાહનોની અવર–જવર હોવાથી પરેશાની



અમરેલી, તા. ૧૭

રાજુલાનાં મજાદર ગામ નજીકથી પસાર થતા નેશનલ હાઈ–વે ઉપર બનાવવમાં આવેલ પુલમાં ગાબડા પડતા પસાર થતાં હજારો વાહન ચાલકોમાં નારાજગીનો માહોલ ઉભો થયો છે.

જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી થતા વિકાસકાર્યો નિયમ પ્રમાણે થાય, જનતાને તેમના કરવેરારૂપે ભરેલ નાણાથી સુવિધા મળે તે જોવાની જવાબદારી રાજય અને કેન્દ્ર સરકાર ઉપર હોય છે. અને સરકારનાં પદાધિકારીઓ અને અધિકારીઓની ગુન્હાહિત બેદરકારીનાં કારણે વિકાસ કાર્યોમાં દેધનાધન કરવામાં આવે તો તટસ્થ તપાસ થવી જોઈએ અને જે કોઈ કસુરવાન હોય તેની સામે કડક પ્રકારની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તો પુનઃ વિકાસકાર્યોમાં ગોલમાલ થઈ નશકે અને જનતાને સુવિધા મળે.

પરંતુ આજના ભ્રષ્ટાચારના માહોલમાં સતાધીશોને જનતાની સમસ્યા નજરે ચડતી નહોય તેવું લાગી રહયું છે.

### એસપીની સુચનાથી સ્પેશ્યલ ઓપરેશન ગૃપનો સપાટો

## રાજુલાનાં ભાક્ષી–૧ ગામેથી ગાંજાનો ૬૦૦ ગ્રામ જેટલો જથ્થો મળી આવ્યો

### ૨ ઈસમોની અટકાયત કરવામાં આવી



અમરેલી, તા. ૧૭

અમરેલીનાં પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર કે.એમ. મોરી તથા એસ.ઓ.જી. ટીમ રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા. જે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારનાં ભાક્ષી–૧ ગામે નંદલાલ બાલુભાઈ પરમાર પોતાના રહેણાંક મકાનમાં સુકો ગાંજાનો જથ્થો રાખી વેચાણ કરે છે અને સદરહુ ઈસમે ભારત ભુવનભાઈ મેડા પાસેથી મધ્યપ્રદેશ ખાતેથી ગાંજાનો જથ્થો મંગાવેલ છે. એવી ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઈડ કરતા માદક પદાર્થ સુકા ગાંજાનો જથ્થો ૫ કિલો ૯૪૧ ગ્રામ કિંમત રૂા. ૫૯,૪૧૦ તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોનની કિંમત રૂા. ૫,૦૦૦ તથા સહઆરોપીના કબ્જામાંથી એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોનની કિંમત રૂા. ૫,૦૦૦ મળી કુલ રૂા. ૬૯,૪૧૦ના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.


**વેચવાની છે**

HYUDAI - I - 20 SPORTZ
MODEL - 2014/GJ 05 JH 0392

**INDUSIND BANK LTD.**
1st FLOOR BHAKTI KUTIR COMPLEX,
OPP. GOPI CINEME,STATION ROAD,
AMRELI-365601

CONTACT:HITESHBHAI:78780 03445



''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


# અમરેલીમાં ''અમર ડેરી'' ખાતે ૭૮માં સ્વાતંત્ર્યદિનની ઉજવણી



આજે અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી 'અમર ડેરી' ખાતે ૭૮ માં સ્વતંત્રતા દિવસ ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ યુવા ભાજપ ઉપાપ્રયક્ષ મનીષભાઈ સંઘાણી, ખરીદ વેચાણ સંઘનાં પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયા, અમર ડેરીનાં એમ.ડી. ડો.આર.એસ. પટેલ, અમરેલી જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેન પતિ પ્રવીણભાઈ માંગરોળીયા, અમરેલી ખેતી બેંક ચેરમેન ધીરૂભાઈ વાળા, અમર ડેરી ડાયરેકટર ચંદુભાઈ રામાણી, રામજીભાઈ કાપડીયા, રેખાબેન કાકડીયા, તાલુકા સદસ્ય કાળુભાઈ રામાણી તથા રંજનબેન ડાભી, સંઘનાં જનરલ મેનેજર સહિત સંઘના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. તેમ અમર ડેરીની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું.

## પીજીવીસીએલ દ્વારા ખાસ પ્રકારનાં કેબલ લગાવવાની કામગીરીનો પ્રારંભ

# ભૈ વાહ : વડિયામાં લો વોલ્ટેજ વીજળીનો પ્રશ્ન ભૂતકાળ બનશે

**કેન્દ્ર સરકારની આરડીએસએસ યોજના અંતર્ગત કામગીરી શરૂ કરવામાં આવી**

**ખાસ પ્રકારનાં કેબલમાં ત્રણ પ્રકારનાં લેયર હોવાથી કોઈપણ ઋતુમાં વીજ ફોલ્ટ નહી થાય**

**૮ સરકિટ, ૮૩ મી.માં અંદાજે રૂપિયા ૭૪ લાખથી વધુનો ખર્ચ થશે**

**સાંસદ ભરત સુતરીયા અને નાયબ દંડક કૌશિક વેકરિયાની ઉપસ્થિતિમાં કામગીરીનો પ્રારંભ**











અમરેલી, તા. ૧૭

અમરેલીના વડિયા સિટી ફીડર ખાતે કેન્દ્ર સરકારની આર.ડી.એસ.એસ. (રિવેમ્પ ડિસ્ટ્રીબ્યુશન સેકટર્સ સ્કિમ) યોજના અન્વયે એમવીસસ (મીડિયમ વોલ્ટેજ કવર્ડ કંડકટર) ખાસ પ્રકારના ત્રણ લેયરના કેબલ લગાવવાની કામગીરીની શરૂઆત કરવામાં આવી હતી. પી.જી.વી.સી.એલ. પેટા વિભાગીય કચેરી વડિયા દ્વારા ખાસ પ્રકારના કેબલ લગાવવાની કામગીરીના પ્રારંભે સાંસદ ભરતભાઈ સુતરિયા અને વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા ઉપસ્થિત રહ્યા હતા. વીજળી લો વોલ્ટેજ સહિતના વીજ ફોલ્ટ બાબતે નાગરિકો અને પ્રતિનિધીઓએ વડીયા લોક દરબારમાં રજૂઆત કરી હતી.

એમ.વી.સી.સી. ખાસ પ્રકારના કેબલ થકી હવે ખુલ્લા વાયરો ભૂતકાળ બનશે. વીજળી ફોલ્ટ સમસ્યાનું સમાધાન થશે. તેના લીધે પશુ–પક્ષીઓને થતાં નુકસાનથી બચી શકાશે. ગરમી, ઠંડી અને વરસાદી ઋતુ સહિતની સ્થિતિઓમાં પણ આ કેબલ એકસરખું કાર્ય કરે છે. આ કેબલમાં ત્રણ પ્રકારના લેયર હોવાથી વીજ વાયરને લીધે થતાં અકસ્માતની શકયતા નહિવત છે.

વરસાદી વાતાવરણમાં વીજળી પડવાના કારણે હાઈ કેસ્વીચીંગ વોલ્ટેજ આવવાથી કેબલને નુકસાન થતું નથી. તેની સાથે જોડાયેલ આઈ.પી.સી. (ઈન્સ્યુલેશન પીઅરસીંગ કનેકટર) ઈન્સ્યુલેટરને ફેઈલ કરે છે અને એમ.વી.સી.સી. કેબલ સલામત રહે છે. આ પ્રકારના કેબલમાં ત્રણ ઈન્સ્યુલેશન હોવાથી ફોરેસ્ટ એરિયા, રીવર ક્રોસિંગ અને ગીચ વિસ્તારમાં ઉપયોગી છે. વડીયામાં એમવીસીસી સર્વે મુજબ ૮ સર્કિટ કિ.મી.માં અંદાજે રૂા. ૭૪ લાખથી વધુનો ખર્ચ થશે.

ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી–વડિયા–કુંકાવાવ વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યુ કે, વડિયાના લોક દરબારમાં આવતા પ્રશ્નોમાં મોટાભાગે વીજળીને લગતી સમસ્યાઓના પ્રશ્નો હતા.

એમ.વી.સી.સી. પ્રકારના કેબલ નાંખવાની કામગીરી ટુંક સમયમાં પૂર્ણ થશે. વીજળીના લો વોલ્ટેજ સહિતના પ્રશ્ન અને સમસ્યા ભૂતકાળ બનશે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરવામાં આવેલ પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજનાનો લાભ પ્રાપ્ત કરવા તેમણે નાગરિકોને અનુરોધ કર્યો હતો. પી.જી.વી.સી.એલ.ની કામગીરી માટે કૌશિકભાઈ વેકરિયાએ આભાર વ્યકત કર્યો હતો.

વડીયા સિટી ફીડર ખાતે કેન્દ્ર સરકારની આર.ડી.એસ.એસ. યોજના અન્વયે એમવીસીસી (મીડિયમ વોલ્ટેજ કવર્ડ કંડકટર) ખાસ પ્રકારના કેબલ લગાવવાની કામગીરીના પ્રારંભ કાર્યક્રમમાં, તાલુકા પંચાયત પ્રમુખ, જિલ્લા પંચાયત સભ્યો, સરપંચો, પી.જી.વી.સી.એલ. અધિક્ષક ઈજનેર પરીખ, કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ.ના અધિકારી–કર્મચારી અને વડિયાના ગ્રામજનો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### ડો. જીવરાજ મહેતા ચોકમાં જાહેરમાં રીવોલ્વર કાઢી

## અમરેલીનાં જાણીતા ડો. જી.જે. ગજેરા વિરૂધ્ધ જાહેરનામાનો ભંગ કરવા બદલ ફરિયાદ

**કેન્ડલ માર્ચ દરમિયાન રીવોલ્વર બતાવી**

અમરેલી, તા. ૧૭

તાજેતરમાં કોલકત્તા ખાતે ટ્રેઈની ડોકટર સાથે દુષ્કર્મ આચરી તેની હત્યા કરવાના અનુસંધાને અમરેલી શહેરમાં મેડીકલ સ્ટુડેંટ તથા ડોકટરો દ્વારા કેન્ડલ માર્ચ કરવામાં આવેલ. તે દરમ્યાન ડો. જી.જે. ગજેરા દ્વારા પોતાની લાઈસન્સવાળી રિવોલ્વર જાહેરમાં પ્રદર્શીત કરાતા લોકોમાં ભય પેદા થાય તેવી રીતે જાહેર ત્રાસદાયક કૃત્ય કરવા અંગે સીટી પોલીસે ગુન્હો દાખલ કરેલ છે.



તાજેતરમાં કોલકત્તા ખાતે ટ્રેઈની ડોકટર સાથે દુષ્કર્મ આચરી તેની હત્યા કરવામાં આવેલ હોય જે અનુસંધાને જૂનિયર ડોકટર એસોસીએશન અમદાવાદ (ગુજરાત) તથા ઓલ ગુજરાત જૂનિયર ડોકટર એસોસીએશન ડોકટર ધવલ ગામેતી તથા ઈન્ડીયન મેડીકલ એસોસીએશન ગુજરાત વતી કમલેશ સૈની તેમજ રાજયની તમામ હોસ્પિટલ/કોલેજ/ જીએમઈઆરએસ દ્વારા તા. ૧૬/૮/૨૪ ના રોજ દિન–૦૧ ન્યાયની માંગણી સાથે વિરોધપ્રદર્શન કરવાનું આહવાન કરેલ હોય. જેથી અમરેલી જિલ્લાના આઈ.એમ.એ.ના હોદ્દેદારો તથા મેડીકલ કોલેજના ટ્રેઈની ડોકટરો તથા મેડીકલ સ્ટાફ સિવિલ હોસ્પિટલથી ડો. જીવરાજ મહેતા ચોક થઈ સેન્ટર પોઈન્ટ સુધી મેડીકલ કોલેજ દ્વારા કેન્ડલ માર્ચનું આયોજન કરેલ હોય. જેમાં ડો. જીવરાજ મહેતા ચોક ખાતે રાત્રીના આશરે સાડા નવેક વાગ્યે બહોળી સંખ્યામાં મેડીકલ સ્ટુડન્ટ તથા ડોકટરો એકઠા થયેલ હોય. જે અનુસંધાને ડોકટર જી.જે. ગજેરા દ્વારા એકઠા થયેલ લોકોને સંબોધન કરતા હોય તે દરમ્યાન તેઓએ પોતાના હાથમાં પોતાની લાઈસન્સવાળી રીવોલ્વર જાહેરમાં પ્રદર્શીત કરી લોકોમાં ભય પેદા થાય તેવી રીતે જાહેર ત્રાસદાયક કૃત્ય કરેલ હોય તેમજ લાઈસન્સની શરતોનો ભંગ કરી અધિક જિલ્લા મેજી.ના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરેલ હોય. જે અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ ૩૫૩(૧)(બી), ૨૭૦ તથા હથીયાર ધારા કલમ ૩૦ તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબ ગુન્હો દાખલ કરી સીટી પોલીસ દ્વારા ધોરણસર કાર્યવાહી કરી હતી.

### સુરત ખાતે હીરા ઘસવાનુ કામ કરતા

## જાફરાબાદનાં રોહિસા ગામનાં યુવકે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લીધો

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૭

જાફરાબાદ તાલુકાના રોહીસા ગામે રહેતા પુનાભાઈ સાંજણભાઈ બાંભણીયા નામનાં ૭૦ વર્ષિય વ્રુધ્ધ ખેડુતના દિકરા રમેશભાઈ પુનાભાઈ બાંભણીયા નામનાં ૩૬ વર્ષિય યુવક સુરત મુકામે હીરા ઘસવાનુ કામ કરતા હોય જે સુરતથી રોહીસા ગામે આવી તા. ૧૬ ના રોજ સવારના આશરે સાતેક વાગ્યે પોતાની વાડીએ કોઈ અગમ્ય કારણોસર પીઢીયાના હુંકમાં દોરી વડે પોતાની જાતે ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦




શ્રાવણ માસ નિમિત્તે...

ફરાળી વાનગીઓનો રસથાળ

ટોપરાપાક | શીંગપાક | માવાના પેંડા

દર સોમવારે ગરમાગરમ ફરાળી પેટીસ મળશે

ફરાળી ચેવડો

બટેટા વેફર્સ | કેળા વેફર્સ | દુધીનો હલવો

હાજરમાં મળશે

શિવ

નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ | મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫









## ફિલ્મી સફર
(એક ઈતિહાસ)
હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ :૧૯૮ – ૧૯૬૨**

**''રાખી ધાગો કા ત્યોહાર બંધા હુવા ઈક ઈક ધાગે મે ભાઈ બહેન કા પ્યાર''**
**''બાર બાર તો હે .સમજાયે ..પાયલ કી ઝંકાર ..તેરે બિન સાજન લાગે .''**
**''આપ ને યાદ દિલાયા તો મુજે યાદ આયા .. કે મેરે દિલ પે પડા થા''**
**''અબ કયાં મિસાલ દૂ મે તુમ્હારે ..શબાબ કી ઈન્સાન બન ગઈ હે. કિરણ''**
**''કભી તો મિલેંગી ..કહી તો મિલેંગી ..બહારો કી મંજિલ રાહી ..''**

પ્રિય વાચક મિત્રો,

રક્ષાબંધન પર્વની આપ સર્વેને હાર્દિક શુભકામનાઓ . સાથે ૧૯૬૨ના ફિલ્મી સફરમાં અભિનયના શહેનશાહ એવા અશોક કુમારની ફિલ્મોની વાત ચાલી રહી છે . ડોકટરનો ધર્મ તેના દર્દીની સારી સારવાર તથા જીવન બચાવાનો હોય છે, અત્યારે ડોકટરીએએકએવોવ્યવસાયથઈગયો છે, જે દર્દી બીમાર પડે એટલે લેબોરટરી થી શરૂ થઈ ડોકટર, દવાઓ, એક્ષરે, સોનોગ્રાફી, એંજયોગ્રાફી વિગેરે એટલી જગ્યાએ દર્દી અને તેના પરિવાર લુટાઇ છે કે, દર્દીના પરિવાર જનો, મને ના મને એવું ઈચ્છે છે કે તેના પરિવારનો સદસ્ય બીમારીથી મુક્ત થાય અથવા જીવનથી આટલી ક્રૂરતા પૂર્વક દર્દીઓને લૂટવામાં આવી રહ્યા છે, અશોક કુમારે ૧૯૬૨માં




તેનો પરિચય , તારા ચંદ બડજાત્યાના નિર્દેશનની પ્રથમ ફિલ્મદ્વારાઆપ્યો, અહી એક મેડિકલ સ્ટોરનો માલિક તેની દુકાન ચાલે એટલે તેની દુકાન પરની જગ્યા ડોકટરને મફત કિલનિક કરવા આપે છે. સાથે ફિલ્મનો નાયક જ ખલ નાયક હોય તો ? આજે આપણે શાહરૂખ ખાનની શરૂઆતની ફિલ્મોમાં તે જોયું છે, પણ તેવા કિરદારની શોધ પણ અશોક કુમારે કરી છે, અહી નાયક ખલનાયક બને છે, ઈર્ષા અને બદલાની ભાવના તેને એટલો માનસિક રીતે નીચ બનાવી દે છે કે તે નાયિકા ના લગ્ન જીવનમાં આગ લગાડવામાં સફળ થાય છે, અરે, તે નાયિકાના પતિને મારવા પણ તૈયાર થઈ જાય છે, પણ તે સમયમાં દર્શકો જેના નામ પર ફિલ્મ જોવા આવ્યા છે, તે નાયકને આટલો ક્રૂર જોઈ ના શકે તેથી અંતે નાયકનુ હદય પરીવર્તન થાય છે . આવી કહાની લઈ રાજશ્રી પ્રોડકશનની પ્રથમ ફિલ્મ આરતી આવી હતી. તારા ચંદ બડજાતયા ની રાજપ્રોડકશનની આ પ્રથમ ફિલ્મ હતી, અને પ્રથમ ફિલ્મ થી જ તારા ચંદ દર્શકોની લાગણી આ ને ઝંઝોડી ઊઠે છે, રાજશ્રીની ફિલ્મોમાં દરેક દર્શક કયાક ને કયાક પોતાના જીવનનો ભાગ જુવે છે, તે નિર્દેશન આજે પણ ૨૦૨૩ સુધી અડીખમ છે, સુરજ બડજાતયા આજે પણ સક્રિય છે. તારા ચંદ એ ૧૦–૫–૧૯૧૪ ના રોજ જોધપુર માં જન્મ્યા અને હિન્દી સિનેમાને રાજશ્રી પ્રોડકશન ૧૯૬૨માં આપ્યું, તેમની વિષે વધુ વાત આગળ કરીશું , તેઓ ૨૧–૯–૧૯૯૨ માં અમર થયા. આરતી – રાજશ્રી પ્રોડકશનમાં , તારા ચંદ બડજાતયાના નિર્માણ અને ફની મજમુદારના નિર્દેશનમાં, ગુજરાતી લેખક પ્રફુલ્લા દેસાઈની નોવેલ , સંસ્કાર લક્ષ્મી પર આધારિત આ ફિલ્મમાં મજરૂહ સુલ્તાન પૂરીની કલમના ગીતો, અને રોશનનું મધુર યાદગાર સંગીત સાથેની ફિલ્મમાં અશોક કુમાર, મીના કુમારી, પ્રદીપ કુમાર, કેસટો મુખર્જી, શશિકલા, રમેશ દેવ, ગજાનન જાગીરદાર, પીસ કંવલ, સુરેખા, પ્રવીણ પાલ, સીએસ દુબે, વિજયા ચોધરી, રાજેન્દ્ર નાથ અને મેહમુદ થી અભિનીત આ ફિલ્મ સફળ રહી હતી, શશિકલા ને સહાયક અભિનેત્રીનો ફિલ્મ ફેર એવાર્ડ પ્રાપ્ત થયો હતો .

અશોક અને મીના બન્ને ડોકટર છે, મીનાના પિતા અશોક સાથે મીનાના લગ્ન કરવા વિચારે છે, અશોક પણ બન્ને ડોકટર હોવા થી આગળ જતાં ખુબ જ ધન કમાવવાની ઈચ્છા અને મીના પ્રત્યેની લાગણી ધરાવે છે, પણ મીના તેનો જીવ બચાવનાર એક બેકાર ગરીબ યુવાન પ્રદીપને ચાહે છે, તેની સાથે ગરીબો દર્દીઓને સાજા કરવા પણ જતી રહેતી હોય છે. અને મીના અશોકના પ્રેમ અને લગ્નનો અસ્વીકાર કરે છે, અશોક ધનવાન યુવતી પીસ એટલે કે રમોલા સાથે લગ્ન કરી તેનું શશિકલા ને આ પસંદ નથી તે ઝગડાખોર સ્ત્રી છે, તેવામાં બદલાની ભાવનાથી અશોક મીનાના જીવનમાં પ્રવેશ કરે છે, વારંવાર મળવા આવે છે, મીના જેના મનમાં પાપ નથી તે આ બાબત ને ગેણ સમજે છે, પણ તેના જન્મદિને અશોક તેને ઓપરેશનના બહાને કિલનિક લઈ જાય છે, અને મીનાના સુખી સંસારમાં આગ લાગી જાય છે, પ્રદીપ ભાભી શશિકલાના કેહવા થી મીના અને અશોક વચ્ચે અનૈતિક સંબંધ છે, તેમ માની મીનાનો ત્યાગ કરે છે, પણ મીના તેના પરિવાર અને પતિ પ્રત્યે વફાદાર રહે છે, તે વાત મીનાના સારા વર્તનથી પ્રદીપને તેની ભાભી સમજાવે છે, ત્યારે તે સ્વીકાર કરતો નથી, તેનો અકસ્માત થાય છે, તેનું

કિલનિક શરૂ કરે છે, સાથે તે શહેરની સર્વ શ્રેષ્ઠ સર્જન બની જાય છે, મીના પ્રદીપના ગરીબ ઘરમાં લક્ષ્મી બની જાય છે, પ્રદીપને સારી નોકરી મળી જાય છે, ઘરમાં તેના જેઠના સંતાનો તેને માતા સમજે છે, સસરા દીકરી સમજે છે, તેની નણંદને પાગલ જેવી અવસ્થાથી દૂર કરી તેના સાસરે મોકલે છે, તેના જેઠ રમેશના અપંગ પુત્રને સારા કરવાનો પ્રયત્ન કરે છે, પણ તેની જેઠાણી ઓપરેશન એક માત્ર અશોક કરી શકે તેમ છે, ત્યારે બદલા અને ઈર્ષા થી પીડાતો અશોક મીનાને તે ચાહે તે આપવું પડશે તેવું વચન લઈ પ્રદીપ ને એક ડોકટરની ફર્ઝ સમજી મારીના નાખતા સફળ ઓપરેશન કરે છે, પણ બદલામાં મીનાને પ્રદીપને છોડવાનું કહે છે, મીના આત્મહત્યાનો પ્રયાસ કરવાની છે, તે જાણી અશોકનું હદય પરીવર્તન થાય છે, અને તે મીનાના




જીવનમાંથી દૂર થાય છે, સાથે તમામ શંકાઓ દૂર થાય છે, અને આરતી એટલે કે મીનાનો પ્રેમ તેના પરિવારને એક સુખી કરે છે. અહી મેહમુદ એક મેડિકલ સ્ટોરના માલિકના રૂપમાં છે અને સાથે રાજેન્દ્ર કુમાર, અને કેસટો દર્શકોને ખુબ જ હસાવવા સફળ રહે છે, મીના કુમારીનો અભિનય તેને પુરસ્કાર માટે નોમિનેટ કરે છે, અશોક કુમાર મીનાના સાસરે જાય છે, અને મીનાની ગરીબી જે નજરથી જોઈ માત્ર મીના તરફ અપમાનજનક હાસ્ય સાથે નો અભિનય કરે છે તે અશોક કુમારને દાદા મુનિ શા માટે કેહવાય છે, તે સાબિત કરે છે. ફિલ્મના ગીતો રોશનના મધુર સંગીત અને લતાજી અને રફી સાહેબના યાદગાર ગીતો પૈકી ના છે.

રાખી – એ ભીમસિંગના નિર્દેશન અને શિવાજી ગણેશન ના નિર્માણમાં, તામિલ ફિલ્મની રિમેક એવી, આ ફિલ્મનું સંગીત રવિએ આપ્યું છે, અને રાજેન્દ્ર કૃષ્ણાના લખેલ ગીતોમાં ભાઈ બહેનના અમર પ્રેમને અનુલક્ષીને રફી સાહેબના સ્વરમાં રાખી ધાગો ક ત્યોહાર ગીત આજે પણ લોકપ્રિય છે. રાખી ફિલ્મમાં અશોક કુમાર, વહિદા રેહમાન, પ્રદીપ કુમાર, મદન પૂરી, રાજ મેહરા, રણધીર, શિવરાજ, અમિતા, મલ્લિકા, લલિતા પવાર અને મેહમુદ એ અભિનય આપેલ છે, આ ફિલ્મ સફળ રહી હતી.


અશોક તેની નાની બહેન વહિદાને દીકરીની જેમ મોટી કરે છે, ગરીબ મજદૂર અશોક બેન વહિદાના સહકારથી રમકડાંના વ્યવસાયથી અમીર બની જાય છે, અશોક વહિદાના લગ્ન મદન સાથે જે એક વકીલ છે, અને તેના લગ્ન મદનની બહેન અમિતા સાથે નક્કી કરે છે, પણ વહિદા ગરીબીના અશોકના મિત્ર પ્રદીપને ચાહે છે, અને અશોક તેના લગ્નના અરમાન અમિતા સાથે ના ભૂલી વહિદાના લગ્ન પ્રદીપ સાથે કરાવી આપે છે, પ્રદીપની બહેન લલિતા તેના યુવાન પુત્ર મહેમુદ સાથે પ્રદીપની સાથે રહે છે, અશોક બેન વહિદા થી અલગ રેહવા માંગતો નથી તેથી પ્રદીપ અને તેની બહેન અને ભાણેજ મેહમુદ સાથે તેના ઘરે લઈ આવે છે, બેન વહિદા અશોકને અમિતા સાથે લગ્નની વાત જાણી લે છે, અને અમિતાના ભાઈ મદનને અશોક અને અમિતાના લગ્ન માટે મનાવી લે છે. પરિવાર સુખી જીવન જીવી રહ્યો છે. તેવામાં મેહમુદ ધનવાન પરિવારની યુવતી મલ્લિકા સાથે તેના જીવ આપી દેવાની ધમકી આપી પ્રેમ કરે છે, અને લગ્ન પણ કરી લે છે, તે વાત અશોકને યોગ્ય લાગતી નથી, તે આ લગ્નનો વિરોધ કરે છે. લલિતા હવે પુત્ર મોહમાં તેના જ ભાઈ પ્રદીપનું ઘર તોડવા તૈયાર થઈ જાય છે, તેમાં તે સફળ થાય છે, પ્રદીપ વહિદાને સમજયા વગર પરેશાન કરી ભાઈ અશોક થી જુદી કરે છે, અશોકની મિલકત પર તેની બહેન લલિતા, પ્રદીપ અને વહિદા ની જાણ બહાર હિસ્સો માંગે છે, અશોક તેની પત્ની એક બાળકને જન્મ આપી વિદાય લે છે, તેના આઘાત સાથે તેની તમામ મિલકત વહિદાના નામે કરી તેની નાની પુત્રી સાથે દૂર જતો રહે છે, બન્ને ભાઈ બહેન મળે છે, જયારે વહિદાના પુત્રને બચાવવા જતાં, અશોક અંધ અને ઘાયલ થઈ જાય છે, અને તે વહિદા સમક્ષ પ્રાણ ત્યાગી દે છે, વહિદા પણ ભાઈના નિધનથી દુનિયા છોડી દે છે . ફિલ્મનો અંત કરૂણ રસથી ભરેલ છે. છતા ફિલ્મ અશોક કુમાર અને વહિદા રેહમાનના અભિનયથી સફળ રહી હતી. આગામી અંકમાં અશોક કુમારના ભાઈ કિશોર કુમારની કોમેડી, થ્રીલર ફિલ્મો સાથે અને મધુર ગીતો સાથે મળીશું. **આભાર.**

**હિતેશ જોશી ૧૮–૮–૨૪**


# રોગ પ્રતીકારક શકિત આપણુ રક્ષા કવચ

ભારતીય સંસ્કૃતીમાં દરેક સબંધનું અલગ જ મહત્વ છે અને આવો જ એક પવિત્ર સબંધ એટલે ભાઈ– બહેનનો સબંધ, આ ભાઈ–બહેનના પવીત્ર સબંધનું પ્રતીક એટલે રક્ષા બંધન, આ દિવસે બહેન, ભાઈના લાંબા અને સ્વસ્થ આયુષ્યની કામના કરે છે અને ભાઈ, બહેનની સર્વકાજે રક્ષાનું વચન આપે છે. આવું જ બ્રાહ્મણો, પોતાના યજમાન માટે આ દિવસે રક્ષા સૂત્ર બાંધી કરે છે અને બ્રાહ્મણો આ દિવસે જનોઈ બદલે છે આ તમામ વિધી–વિધાન પાછળ કયાંક ને કયાંક સ્વસ્થ આયુષ્ય અને કોઈપણ અનીષ્ટથી રક્ષણ નો હેતુ છે. આ તમામ વાતને જો બરાબર સમજીએ તો લેખ ખૂબ લાંબો થઈ જાય તેમ છે





એટલે ફરી કયારેક તેની ચર્ચા કરીશું . આજે આવું જ આપના શરીરનું રક્ષણ કરનાર એવી શકતીની મુખ્યત્વે ચર્ચા કરવાની છે. થોડા સમય પહેલા આશાબેન તેના ૧૦ વર્ષની ઉમરનાં બાબા આકાશ માટે (દર્દીનું નામ બદલાવેલ છે ) મારી પાસે રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટેની દવા લેવા આવ્યા હતા. એ વખતે બહેનની ફરિયાદ એવી હતી કે આકાશ વારંવાર બીમાર પડી જાય છે. વારવાર શરદી–ઉધરસ થઈ જાય, ભણવામાં, રમવામાં કોઈ વાતમાં ઉત્સાહ નહિ, આકાશને દરેક ડોકટર સાહેબે એવું જ



નિદાન કરેલું કે આકાશની રોગ પ્રતિકારક શક્તિ ઓછી છે. આશાબેનનાં સબંધીએ આકાશને રોગ પ્રતિકારક શક્તિ વધારવા આયુર્વેદ દવા લેવાની સલાહ આપી એટલે આશાબેન મારી પાસે આકાશને લાવ્યા હતા. મિત્રો આજથી ૩ વર્ષ પહેલા અમે પણ આ રોગ પ્રતિકારક શક્તિ બાબતે બહુ ગંભીર ન હોતા પણ આજની પરિસ્થિતિ અલગ છે. આજે કોરોનાનાં સંદર્ભમાં આ રોગપ્રતિકારક શક્તિનું ખુબ મહત્વ વધી ગયું છે. બીજું રોગપ્રતિકારક શક્તિ આપણી અત્યારે કેટલી છે અને દવાઓ લીધા પછી વધી કે નહિ ? તેના કોઈ મેડીકલ ટેસ્ટ થતા નથી એટલે એક સામાન્ય માણસ તરીકે આપણા મનમાં આ બાબતને લઈને ઘણા પ્રશ્નો હોય એવું મને લાગ્યું એટલે આ સમયે તેની ચર્ચા ઉચિત છે. આપણે વૈજ્ઞાનિક રીતે આ વિષયને સમજવાનો પ્રયત્ન કરીશું.

મોર્ડન મેડીકલ સાયન્સ પાસે જયારે કોઈ સમસ્યાનો ઉકેલ ન હોય ત્યારે અલ્ટરનેટિવ મેડીસીન (એલોપેથી સિવાયની દવાઓ જેમકે આયુર્વેદ, હોમિયોપેથી , યુનાની, યોગ, સિદ્ધ આદિ) તરફ વળનારા લોકોનો બહુ મોટો વર્ગ પશ્ચિમી દેશોમાં છે. કોરોના વાઈરસે એવા વર્ગના અનેક લોકોને આયુર્વેદમાં રસ લેતા કરી દીધા છે. અમુક આયુર્વેદિક ઔષધી કોરોના વાયરસ સામે રક્ષણ આપે તેવું તેમનું માનવું છે. આવા ઉપચારો માં મતભેદો હોઈ શકે પરંતુ એક બાબતે કદાચ મતભેદને ઝાઝો અવકાશ નથી કે પશ્ચિમનાં મોર્ડન મેડીકલ સાયન્સ સામે આપણું પ્રાચીન આયુર્વેદ વિજ્ઞાન એ વાતે જુદુ પડે છે કે, પહેલામાં રોગ સામેના ઉપચારો છે. તો બીજામાં શરીરને રોગ જ ન થાય તેના ઉપાયો છે. જયારે સ્વાઈન ફલુની શરૂઆત થઈ અને અમે ઉકાળા (અમુત પેય) શરૂ કર્યા ત્યારે લોકો એવું કહેતા કે આનાથી સ્વાઈન ફલુ મટી જશે ? ત્યારે અમારો એ જ જવાબ હતો કે તમને સ્વાઈન ફલુ ન થાય (રોગપ્રતિકારક શક્તિ વધારવા) તેના માટે આ ઉકાળો છે. સ્વાઈન ફલુ થયા પછી તો તમારે એલોપેથી દવા જ લેવી પડશે.

આયુર્વેદ સૌથી પ્રાચીન તબીબી વિજ્ઞાન છે. જેનું પ્રાગટય લગભગ પાંચ હજાર વર્ષ પહેલા વેદકાળમાં થયું હોવાનું કહેવાય છે. આટલા હજાર વર્ષ પહેલા તત્કાલીન આયુર્વેદાચાર્યએ એક શબ્દ પ્રયોગ કર્યો છે. વ્યાધિક્ષમત્વ્ આનો અંગ્રેજીમાં તરજુમો કરવો હોય તો ઈમ્યુનીટી શબ્દ બંધબેસતો આવે.

વ્યાધિની ઉત્પત્તિમાં અને અનુત્પતીમાં શરીરની શક્તિબલ મહત્વનો ભાગ ભજવે છે. કોઈ શરીર નાના એવા સામાન્ય કારણથી પણ બીમાર બની જાય છે. તો કોઈ શરીર ગમે તેવી પરિસ્થિતિમાં પણ સ્વસ્થ રહે છે. જેનો આધાર શરીરનાં વ્યાધિક્ષમત્વ્ પર રહેલો છે. હવે આ વ્યાધીક્ષમત્વ્ (રોગ પ્રતિકારક શક્તિ) શરીરમાં કેવી રીતે બને છે. તે થોડું સરળ ભાષામાં સમજીએ. આપણે જે ખોરાક ખાઈએ છીએ તેનું પાચન થયા બાદ શરીરમાં ઉત્તરોત્તર ધાતુમાં પરિવર્તન (ધાતુનું પોષણ થાય છે ) થાય છે. શરીરમાં સાત ધાતુ છે. રસ, રક્તમાંસ, મેદ, અસ્થી, મજ્જા અને શુક્ર મતલબ કે પહેલા રસ ધાતુ બનશે પછી રક્ત આમ ઉતરોતર છેલ્લે શુક્ર સુધીની ધાતુ બનશે અને જો સાતેય ધાતુનું પોષણ થયા પછી તેમાંથી સાર ભાગ વધશે તો તેમાંથી ઓજ બનશે અને આ ઓજ તે જ વ્યાધીક્ષમત્વ્ કે રોગપ્રતિકારક શક્તિ હજુ થોડી સરળ ભાષામાં સમજીએ જેમ દૂધમાં ઘી રહેલું છે પણ આપણને નારી આખે દેખાતું નથી પણ દૂધને ગરમ કરીને બનતી મલાઈમાંથી આપણે ઘી બનાવીએ છીએ અને જેમ દૂધ વધુ સારૂ (વધારે ફેટવાળુ) તેમ ઘી વધુ સારૂ અને વધારે બનશે. તેવી જ રીતે આપણે જેટલો સારો (પૌષ્ટિક ખોરાક) ખોરાક લઈશું અને પાચન શક્તિ સારી તેમ આપણા શરીરમાં ઓઝનું વધુ નિર્માણ થશે.

આમ શરીરમાં ધાતુ સારરૂપ શરીરનો ઉત્કૃષ્ટ અંશ એટલે ઓઝ. આપણે ઘણા એવા તેજસ્વી લોકોને જોઈને કહીએ જ છીએ ને કે કેટલા બધા ઓઝવાન છે. એવું જ કોઈક લાંબા સમયથી બીમાર (ટીબી, એઈડસ, કેન્સરના દર્દીઓ) દર્દી આપણને સાવ નિસ્તેજ દેખાય છે. આપણામાં તો આશિર્વાદ પણ એવા અપાય છે કે ઓઝવાન બનો. (મિત્રો ભારતીય સંસ્કૃતિની વૈજ્ઞાનિકતા અને મહાનતા જુઓ કે આવા આશીર્વાદ આપતી વખતે આપણને એ ખબર નહોતી કે ઓઝવાન એટલે અજાણપણે આપણે તેની રોગપ્રતિકારક શક્તિ વધે તેવા આશીર્વાદ આપીએ છીએ) આયુર્વેદ મુજબ આપણે ત્રણ રીતે વ્યાધિક્ષમત્વ્ (રોગપ્રતિકારક શક્તિ) વધારી શકીએ છીએ.

**(૧) સહજ (વારસાગત – જીનેટીકલી) :–** સહજ બળ અથવા વ્યાધિક્ષમત્વ્ આ આપણને જન્મથી જ ઉપસ્થિત માનવામાં આવે છે. સહજ બળ માતાપિતા તરફથી મળેલા શરીરના બંધારણાદિથી મળે છે. માતા–પિતાનું ઉત્તમ સ્વાસ્થ્ય સંતાનોમાં રોગપ્રતિકારક શક્તિ વધારવામાં સહાયક બને છે. શરીર રચનાનો પણ રોગોત્પતી સાથે સબંધ છે. જેમ કે લાંબી અને ચપટી છાતી વાળાને ટીબી થવાની સંભાવના વધુ રહે છે. **(૨) કાલજ બલ :–** આ બલ ઋતુ, દેશ, ઉંમર મુજબ પ્રાપ્ત થાય છે. જેમકે શિયાળામાં આપણી રોગપ્રતિકારક શક્તિ સારી હોય છે. યુવાવસ્થામાં (બાળકો અને વૃધ્ધો કરતા) આપણી રોગપ્રતિકારક શક્તિ સારી હોય છે આવું જ અમુક દેશોનું છે. **(૩) યુક્તીકૃત બલ:–** આ એક જ એવું બલ (રોગ પ્રતિકારક શક્તિ) છે જે ઉપાર્જિત (મેળવવામાં) કરવામાં આવે છે (જન્મ કયા લેવો અને ઋતુ, દેશ, કાલ આપણા હાથમાં નથી) જે મનુષ્યયોગ્ય પોષણવાળો ખોરાક લેતો હોય, નિયમિત કસરત કરતો હોય, તથા આયુર્વેદમાં સુચવેલ રસાયન ઔષધોનો નિયમિત પ્રયોગ કરતો હોય તેની રોગપ્રતિકારક શક્તિ ખુબ સારી હોય શકે છે.

# રક્ષાબંધન એટલે ભાઈ અને બહેનના મખમલી સંબંધનો મધપૂડો




રક્ષાબંધનનો તહેવાર આવે એટલે આપનેં બધાનેં ભાઈ અને બહેનનાં લાગણીભર્યા સંબંધની ગીતકવિ અવિનાશ વ્યાસ કવિતા યાદ આવ્યા વિના કેમ રહે?..

**''કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી**
**ભાઈની બેની લાડકીને ભઈલો ઝુલાવે ડાળખી..**
**લીંબડીની આજ ડાળ ઝુલાવે,**
**લીંબોળી ઝોલા ખાય,**
**હીંચકો નાનો બેનનો એવો,**
**આમ ઝુલણ્યો જાય,**
**લીંલુડી લીંબડી હેઠે, બેનીબા હિંચકે હીંચે...કોણ...''**

રક્ષાબંધન એટલે ભાઈ અને બહેનના મખમલી સંબંધોનો મધપૂડો. બહેન છે ને તે સંવેદનાઓનો દરિયો છે અને આ દરિયો મીઠો છે ખારો નથી. બહેનના સંવેદનારૂપી દરિયાના પેટાળમાં હંમેશા ભાઈ માટે પ્રેમ, વાત્સલ્ય, લાગણીના મોતી અને છીપલાઓ રહેલા છે. બહેન ભાઈ વિના અધુરી અને ભાઈ બહેન વિના અધુરો. બહેન કયારેય પોતાની રાખડીનું મૂલ્ય પોતાના ભાઈ પાસે માંગતી નથી. રાખડીરૂપી સુતરનો તાંતણો જ તો ભાઈ અને બહેનની સંવેદનાનો તાંતણે છે.

રક્ષાબંધનનો તહેવાર આવે છે. રક્ષાબંધન એટલે ભાઈ–બહેનનો તહેવાર છે. તેનું બીજુ નામ 'બળેવ' છે. રક્ષાબંધન શ્રાવણ મહિનાની પૂનમે આવે છે. તે દિવસે બહેન ભાઈને તિલક કરે છે અને રાખડી બાંધે છે અને મીઠાઈ ખવડાવે છે. ભાઈ બહેનને ભેટ આપે છે.




રક્ષાબંધનના દિવસે બ્રાહ્મણો જનોઈ બદલે છે. માછીમારો આ દિવસે નાળિયેર વડે દરિયાની પૂજા કરે છે. તેથી તેને નારિયેળી પૂનમ પણ કહેવાય છે. રક્ષાબંધનનો તહેવાર બધા ધર્મના લોકો ઉજવે છે. આ જ તો એક વિશેષ દિવસ છે જે ભાઈ–બહેનો માટે બનેલો છે.

રક્ષાબંધનનો પર્વ એટલે દ્રષ્ટિ પરિવર્તનનો પર્વ ભાઈ–બહેનના વિશુદ્ધ પ્રેમનું અસ્ખલિત વહેતું ઝરણું. બહેનની રાખડી હાથ પર બંધાવતાની સાથે જ ભાઈની દ્રષ્ટિમાં આમૂલાગ્ર પરિવર્તન આવી જાય ! બહેનના રક્ષણની જવાબદારી ભાઈ સસ્મિત સ્વીકારે છે. જેથી બહેન સમાજમાં નિર્ભયપણે ફરી શકે.

બહેન જયારે ભાઈને રાખડી બાંધે છે ત્યારે તેના ભાલ પર ચાંલ્લો કરે છે. સર્વ સામાન્ય લાગતી આ પ્રણાલિકામાં દ્રષ્ટિ પરિવર્તનની મહાન પ્રક્રિયાનો સમાવેશ થાય છે.

રાખડીએ માત્ર સૂતરનો તંતુ નથી. એ તો શીલ અને સ્નેહનું રક્ષણ કરતું તેમજ જીવનમાં સંયમની મહત્તા સમજાવતું એક પવિત્ર બંધન છે. ભાઈના હાથે રાખડી બાંધીને બહેન માત્ર પોતાનું જ રક્ષણ ઈચ્છે છે એટલું જ નહિ પરંતુ સમસ્ત સ્ત્રી સમાજને પોતાના ભાઈનું રક્ષણ મળે એવી ભવ્ય ભાવના અને અપેક્ષા રાખે છે. સાથો સાથ પોતાનો ભાઈ અંતઃકરણનાં શત્રુઓ–કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા વગેરે ઉપર વિજય મેળવે એવી આકાંક્ષા પણ સેવે છે.

રક્ષાબંધન એ બહેન માટે પોતાના વહાલસોયા ભાઈ પ્રત્યેની નિષ્પાપ, નિર્મળ અને નિઃસ્વાર્થ ભાવે સેવેલી શુભેચ્છાઓનું અને ત્યાગનું મહામૂલું પવિત્ર પ્રતીક છે. બહેનની આ શુભેચ્છા ભાઈના જીવન વિકાસમાં પ્રેરણાદાયી અને પોષક બને છે. બળેવ એટલે બળ અને બલિ ઊભયની ભાવના જેમા પાયામાં પડી છે.

'રક્ષાબંધન' શબ્દમાં રક્ષણનો ભાવ સૂચવાય છે. રક્ષાના બે અર્થ કરી શકાય છે : રાખડી અને રક્ષણ. રાખડી બાંધતી બહેનનું આજીવન રક્ષણ કરવાની જવાબદારી ભાઈ પર આવે છે. 'રક્ષણ કરવું' તેમાં બહેનના દુઃખમાં હંમેશા ભાગીદાર બનવું એવો સુચિતાર્થ પણ થાય છે. એક છોકરી જયારે ઘરની બહાર પગ મૂકે તે પહેલા તેના જીવનમાં આવતો પ્રથમ છોકરો એ ભાઈ છે. જે તેને ચીડવે છે. એના સાથે મીઠી ચલભળ કરે છે. ઝઘડો પણ કરે છે તે જ અંતે દુનિયાનુ બધુંજ વહાલ એના પર વરસાવે છે. ભાઈ બહેનનો નિસ્વાર્થ, બિનશરતી પ્રેમને કદી એ કોઈ ત્રાજવેના તોળી શકાય. બહેનો માટે ભાઈ સુપરમેન, સ્પાઈડરમેન કે બેટમેન જેવો બાહુબલી અને જાબાઝ હોય છે. જેની છાયામાં બહેન બટરફલાયની જેમ હળવાશથી ઉડી શકે છે. ભાઈ જાતના જોખમે કે જીવના જોખમે પણ બહેનની મુશ્કેલીને આડે ઢાલ બનીને ઉભો રહે છે. બહેનને કોઈ પીડે તો એ ગુસ્સાથી ખળભળી ઊઠે છે. માર્ક બ્રાઉન તો કહે છે કે:– 'એમ તો સાવ સસલી જેવી ભીરુ અને નરમ લાગતી બહેન પણ ભાઈને મુશ્કેલી પડે ત્યારે વિફરેલી વાઘણ બની જાય છે.'

બહેનના મિત્રોની મીઠી ઈર્ષા કરતો ભાઈનો માલિકીભાવ પણ ગમતીલો લાગે છે. બહેનએ ભાઈને મળેલી એક અમૂલ્ય છે. એક બહેન જ ભાઈને સારી રીતે જાણે છે. જે તેની ખામીઓનો ઢાંકપિછાડો પણ કરી જાણે છે અને વ્હાલપની ઔષધિથી એને દૂર પણ કરી શકે છે. રક્ષાબંધનનો પર્વએ જાતને શૂન્ય કરીને ભાઈની પળેપળ કરાતી દરકાર કે લેવાતી સંભાળ છે. જયાં ગણતરી ન હોય માત્ર અર્પણ જ હોય. ભાઈ અને બહેનના પ્રેમને અભિવ્યક્ત કરતી એક સુંદર વાર્તા કયાંક વાંચેલી તે યાદ આવે છે. –' કોઈએ ડુંગર ચડતી છોકરીને પૂછયું,' અલી, આ છોકરાને તેડીને ચડે છે કે તને ભાર નથી લાગતો ? છોકરીએ તેને જવાબ આપતા કહ્યું,' ના રે..ભાર શેનો ? એ તો મારો ભાઈ છે. પોતાના વ્હાલા સોયા ભાઈ પ્રત્યેની નિસ્વાર્થ, નિર્મળ ભાવે સેવેલી શુભકામનાઓનું અને ત્યાગનું મહામુલું પવિત્ર પ્રતીક એટલે બહેનો માટે અડકેરો ઉત્સવ. આ દિવસે મળતી બહેનોની શુભેચ્છાઓ ભાઈનાં જીવન વિકાસમાં પ્રેરણાદાયી અને પોષક બની રહે છે. ભાઈ અને બહેનનાં પ્રેમ અને સંવેદના અને અભિવ્યક કરતી ખૂબ સુંદર વાર્તા' રાખડી'કહું...'

સરહદની રક્ષા કાજે મેજર રણજીતસિંહ અને તેમના સાથીદાર સૈનિકો ખડે પગે પોતાની કામગીરી બજાવે. રણજીતસિંહ એક જાબાજ મેજર. રણજીતસિંહ એટલે લોખંડનો માણસ. મેજર રણજીત સિંહનું હૃદય જો કોઈ માટે ધડકતું હોય ને તો તે હતી લાડકી બહેન સુચિતા. રક્ષાબંધન રાખડી અને બહેનનું અનેરૂ મહત્વ હતું. મેજર રણજીતસિંહને જો કોઈ સમજાવી શકે મનાવી શકે કે ખીજાઈ શકે તો તે હતી તેની એક એની એક લાડકી બહેન સુચિતા.

રક્ષાબંધનનાં તહેવારને બસ હવે બે જ દિવસની છેટા હતા. સરહદ પર ડયુટી બજાવતા રણજીતસિંહની જમાતનાં લગભગ બધા જ સૈનિકોની બહેનોએ પોતાના વીરાનાં રક્ષણઅર્થે પોતાની સ્નેહ અને આશિર્વાદરૂપી રાખડી મોકલાવી આપી હતી અને બધાને સૈનિકોને મળી પણ ગઈ હતી પરંતુ મેજર રણજીતસિંહની બહેન સુચિતાની રાખડી હજી સુધી મેજર રણજીતસિંહ નહોતી મળી. રણજીતસિંહને સતત વિચાર સતાવતો હતો કે પોતાના ઘરે પોતાનો પરિવાર તથા પોતાની બહેન સલામત તો હશે ને. તેણે પોતાના પ્રિય મિત્ર અને સાથીદાર મનજીતસિંહ ને કહ્યું પણ ખરું કે, 'સોજીતાની રાખડી મને રક્ષાબંધનની પૂર્વ સંધ્યા સુધી નથી મળી તો શું મારા ઘરે બધું સલામત તો હશે ને, એ મારી બહેન તથા મારા પરિવારની ખૂબ ચિંતા થાય છે'. ત્યારે મનજીતસિંહ તેમને આશ્વાસન આપતા કહે જો કે, બધું જ સલામત જ હશે..! તમે શા માટે ચિંતા કરો છો..! બહેન સુચિતાની રાખડી સાંજ સુધીમાં મળી જ જશે.! મેજર રણજીતસિંહ મહેમાન રાખડી અને બહેન પ્રત્યેનો વિચાર કંઈક જુદો જ હતો, મેજર રણજીતસિંહે ચિંતા ભર્યા સ્વરે આકાશ તરફ નજર માંડતા મનજીતસિંહને ભાઈ બહેનના સંબંધની વાત માંડતા કહ્યું કે, રક્ષાબંધન એટલે ભાઈ અને બહેનના મખમલી સંબંધોનો મધપૂડો. બહેન છે તે સંવેદનાઓનો દરિયો છે. અને આ દરિયો મીઠો છે ખારો નથી. બહેન ના સંવેદનારૂપી દરિયાના પેટાળમાં હંમેશા ભાઈ માટે પ્રેમ, વાત્સલ્ય, લાગણી ના મોતી અને છીપલાઓ રહેલા છે. બહેન ભાઈ વિના અધુરી. અને ભાઈ બહેન વિના અધુરો. બહેન ક્યારેય પોતાની રાખડી નું મૂલ્ય પોતાના ભાઈ પાસે માંગતી નથી. રાખડીરૂપી સુતરનો તાંતણો જ તો ભાઈ અને બહેન ની સંવેદના નો તાંતણે છે.'

રણજીતસિંહ મનજીતસિંહ ને કહ્યું કે, 'રક્ષાબંધન' શબ્દમાં જ એ ભાવ સૂચવાય છે. રક્ષાના બે અર્થ કરી શકાય છે:' રાખડી અને રક્ષણ. રાખડી બાંધતી બહેનનું આજીવન રક્ષણ કરવાની જવાબદારી ભાઈ પર આવે છે. 'રક્ષણ કરવું' તેમાં બહેનના દુઃખમાં હંમેશા ભાગીદાર બનવું એવો સુચિતાર્થ પણ થાય છે. મંજીતસિંહ, મેજર રણજીતસિંહની વેદનાભર્યા સ્વર અને આકાશ પર માંડેલી અમિટ દષ્ટિને એકીટશે તાકતો રહ્યો.

મનજીતસિંહ અને મેજર રણજીતસિંહના વાર્તાલાપ દરમિયાન જ તે ઓફિસમાંથી ફોનની એકધારી રીંગ વાગતી રહી. મેજર રણજીતસિંહ હૈ ઓફિસમાં જઈને ફોન ઉપાડયો ત્યાં, સામેથી આદેશ આપવામાં આવ્યો કે ' દેશમાં જાહેર કરવામાં આવી છે.' સરહદની સામેથી બોમ્બ અને દારૂગોળા, ગોળીબારનો અવાજ આવવા લાગ્યો. મેજર રણજીતસિંહે બહેનની રાખડી ન મળવાના રંજ સાથે પોતાની પાર્લામેન્ટને તૈયાર કરીને સરહદ પાર પોતાના દેશની રક્ષાના કામમાં જોડાઈ ગયા. રણજીતસિંહ અને તેની ટીમે મળે ને દુશ્મનનો નેં કરારો જવાબ આપ્યો પરંતુ દુશ્મનોની ગોળીઓએ મેજર રણજીતસિંહનું હૃદયનાં વીંધી નાખ્યું. મનજીતસિંહ લોહી લુહાણ મેજર રણજીતસિંહનેં પોતાની છાવણીમાં લઈ ગયો. મનજીતસિંહ જાણતો હતો કે રણજીતસિંહ પોતાના જીવનના અંતિમશ્વાસો ભરી રહ્યો છે. રણજીતસિંહના શ્વાસો બસ હવે થોડા સમયના જ મહેમાન હતા. તેની નજર કાંડા ઉપર જ મંડાયેલી હતી. બસ તેના શ્વાસો પોતાની બહેનની રાખડી બાંધવા જ ઉભા રહ્યા હતા. મનજીતસિંહ આ બધું જ બરાબર સમજતો હતો. મનજીત સિંહે અચાનક જ તે રણજીતસિંહનાં કાંડા ઉપર રાખડી બાંધી અને કહ્યું કે આ સુચિતા બહેનની રાખડી આવી ગઈ છે. તે જ ક્ષણે રણજીતસિંહ હે ચિંતા મુક્ત થઈ અને પોતાના શ્વાસનો ત્યાગ કરી દીધો. મનજીત સિંહે મેજર રણજીતસિંહને બાંધી રાખડી તે સુચિતાની ન હતી. પરંતુ પોતાની બહેનની રાખડી હતી પરંતુ પોતાનો પ્રિય મિત્રના શ્વાસ માત્ર એક રાખડીમાં અટવાયેલા છે તે સમજીને તે તુરંત જ તે પોતાની બહેનની રાખડીરૂપી સ્નેહ, પ્રેમ અને લાગણી પોતાના પ્રિય મિત્રને ભેટમાં આપી દીધી હતી. અને પોતાના મિત્ર મેજર રણજીતસિંહને રાખડી રૂપી રક્ષણ આપીને અનંતની વાટે હંમેશા માટે વિદાય આપી દીધી હતી.

# રામકૃપા અતુલિત બલ તિનહી, તૃણ સમાન ત્રલોકહિં ગિનહી

કયા હુઆ ?'' બાપુજીએ કહ્યુ, '' હજી મે તપાસ નથી કરી''તે સાંભળીભગવાને કહ્યુ, ''અચ્છા દેખો, અબ તપાસ કરતા નહી.''મારી સામૃ જોઈ બોલ્યા, '' રમા, હજાર રૂ.પિતાજીકો દે દો.'' અને બાપુજી કહ્યુ, '' દેખો, યહ લોન હે ઈસકા વ્યાજ દેનેકા નહી હૈ. પ્રમોદરી પઢાઈમે લગાના ઔર જબ વહ કમાને લગે તબ અનંતપુરવાલેકો લૌટા દેના.'' બાપુજી ખુશ થઈ ગયા. આગળ પૂછયુ. ''અબ તુમ્હારા પ્રોગ્રામ કયા હે ?'' બાપુજીએ કહ્યુ, ''જેમ આપ કહો તેમ.'' તો બોલ્યા, '' દેખો, મુઝે તો અબ કુછ કામ હે નહી. ઈસીલિયે બુલાયે થે અબ ચાહો તબ ચલે જાના.'' આ રીતે બાપુજી મને વઢયા તે પ્રથમ તો ભગવાનને મે કહ્યુ પણ નહતુ છતા પણ તેમનાથી શુ છુપુ રહી શકયુ ? તેથી તરત જ મને બોલાવી બધુ પૂછેલુ અને મારા વિશેએકપણ વાત કર્યા વિના બાપુજીને મોકલી દીધા. મારી બધી વ્યવસ્થા કરી પુષ્કર રહેવા માટે મને જણાવી થોડા દિવસો બાદ ભગવાન પુષ્કરથી ઉજજૈન, દેવાસ, ઈદોર, પધાર્યા. ત્યાંથી ભગવાનનો પત્ર આવ્યો.. આ પત્ર જયપુર લખેલો.

રામ,

પ્રિય રમા સા. આ.

મેરા સ્વાસ્થય જૈસા થા વૈસા હે યહા ૨૧ તક હું ચિંતા કરના નહિ ભજન કરના સબકો આસીસ.

–રણછોડદાસકા આસીસ

૮૫

**કૃપાસિંધુ પરિહરિયકી સોઈ**

થોડા દિવસો બાદ ભગવાનનો મને બોલવવા બાબાત જયપુર તાર આવ્યો. હું પુષ્કર હતી. ત્યાં મને તાર તથા પત્રના સમાચાર આપવામાં આવ્યા.

**રામતેજ બલ બુદ્ધિ બિપુલાઈ, સહસશત સકહિં ન ગાહ ।**

બાપ તાર મળતા હું વડોદરા જવા રવના થઈ. વહેલી સવારે પહોંચી ગયેલી. દ્વારા બંધ હતા. આઠ વાગે દર્શન થતા પ્રણામ કરવા ગઈ ત્યારે તરત જ બધાને બહાર મોકલી મને કહ્યુ, 'તુમ ભલે આઈ પર મેરી એક ભી ચીજકો હાથ નહી લગાના. યદિ યહ બાત મંજૂર હોય તો હી રૂકના નહી તો અભી કી અભી વાપિસ ચલી જાના.'' આ સાંભળી ખૂબ જ નવાઈ લાગી. કયા તો આજ સુધીના મૃદુ શબ્દો અને કયા આજના પરક કઠોર શબ્દો ! પરંતુ પાછી જઈને પણ કયા જવાની હતી ? 'મોરે તુમ પ્રભુ ગુરૂ પિતુ માતા, જાઉ કહા તજી પદ જલ જાતા' તેથી આ વાત સ્વીકારી લીધી. હવે તો જેટલો મોટો રૂમ હોય તેની સામેની દિવાલને અડીને જ બેસવાનું હતુ કારણકોઈ ચીજને અડી જવાય તો ? બીજા દિવસે ત્યાંથી નવસારી પધાર્યા. સાથે અમે ચાર બહેનો તથા બીજા ભાઈઓ પણ હતા.

નવસારી સાંજે પહોંચ્યા. નર્મદા, તાપીમાં પૂર આવ્યુ હોવાથી રાહતકાર્ય માટે રહેવાનુ હતુ. એક રૂમમાં ચારેય બહેનોને રહેવાનું હતુ. રાત્રે ધીરે ધીરે બે જણ તો પોતાનો સામાન લઈ ભગવાનના રૂમની અંદરના રૂમમાં ગોઠવાઈ ગયા. હવે અમે બે બહેનો જ હતા. તેમાંથી એક બહેન બીજા દિવસે નેત્રયજ્ઞની તૈયાર માટે પિછોર ગયા. આટલા વખતનની આત્મીયતાને જાણે મારી મચડીને હવે પરાયાપણાની રીતે રહેવાનુ હતુ. ત્યાં મચ્છર ખૂબ હોવાથી હાથનો પંખો મંગાવી લીધેલો. તે ભગવાનના દર્શને જતા સાથે લઈ જતી. જરૂર પડતા જાાપ સાથે માખી મચ્છર ઉડાડવાની સેવા કરતી. તે જ દિવસે સવારે જમીને મને બોલાવી કહ્યુ, ''દેખો, મેરી રસોઈ બન જાને કે બાદ તુમ ઉસી જગહ પર સબ સામાન પડા હોગા. ઉસસે અપના ભોજન બના લેના.'' થોડીવારે પીવા માટે પાણી માંગ્યુ. મે કહ્યુ, ''ભગવાન, મુઝે તો કોઈ ચીજ કો હાથનહી લગાનેકા હે ના ! કૈસે દૂ ?'' ભગવાન હસી પડયા અને કહ્યુ, ''અરે ! ઐસા કુછ નહી હૈ. લેકીન ઝગડેસે ડરતા હૂ ઈસીલિયે તુમ્હારે સાથ કઠોર વ્યવહાર રખતા હૂ.'' પાણી પીધુ, ચશ્મા પહેર્યા ને સમય પૂછયાબદ દરવાજો ખોલવા કહ્યુ પરંતુ આ તો વિરોધીને સહન કેમ થાય? તે તેમના **રામાનુજ દિન્હી યહ પાતી, નાથ બંચાઈ જુડાવહુ છાની ।** મોઢા પર દેખાઈ આવતુ હતુ. વધારામાં જાણે બળ તામાં ઘી હોમાયુ. તે દિવસે રાત્રે નવ વાઆથી ભગવાન તકિયાના સહારે ઉઘા સૂતા હતા. હું ઉભાઉભા હાથના પંખાથી મચ્છર ઉડાડતી હતી. રૂમમાં અમે ત્રણેય જણા હતા. રાત્રે બાર વાગ્યે જાગ્યા અને બે ત્રણ વાર બીજા બહેનને બોલાવ્યા છતા જવાબ ન મળવાથી મને કહ્યુ, ''તુમ ચલી જાવ યહાસે'' હુ સમજી ગઈ હતી કે પરિણામ શુ આવશે. બીજા દિવસથી રોજ રાત્રે નવનો સમય થતા કહેતા ''જાવ સો જાવ.'' આ રીતે જાગતા હોય છતા રોજ મારા માટે નવ વાગ્યાનો સમય બંધાઈ ગયેલો.આ બધી ક્રિયાઓ પોતાને પર ઈચ્છાથી કરવી પડતી હતી. વચ્ચે બે ત્રણ દિવસ માટે મુંબઈ પધારેલા ત્યારે મને ત્યાં જ રહેવાનું કહી ગયેલા તેથી હું એકલી ત્યા હતી. પાછળથી રૂમ વ્યવસ્થિત રીતે સાફ કરવાની સેવા મળતા પણ સંતોષ થતો. આ રીતે પણ મન આનંદિત રહેતુ. હંમેશા આ ભાવના રહેતી.

નીચે ટહલ ગૃહકી સબ કરિહી, પદપંકજ બિલોદી ભવ તરિહૌ.

શ્રી હનુમાનજીને પણ ચતુરાઈપૂર્વક સેવામાંથી બાદ કરવામાં આવેલા તો મારા જેવાની શી ગણતરી ? પરંતુ પ્રભુ કોઈના નથી અને સૌના છે. હનુમાનજીને ચપટી વગાડવાની સેવા મળેલી તો તે પ્રમાણે મને મચ્છર ઉડાડવાની સેવા મળી રહેતી. 'રામ સદા સેવક રૂચિ રાખી.'

એક મહિનો લગભગ અમે નવસારીમાં હતા. ભાઈઓ સરવે માટે જતા અને રોજ સાંજે પાછા ફરતા. ભગવાનને આજુબાજુના નાના ગામડાઓના અનેક અસહય પ્રસંગોની વિગતો આપતા. આવી વિગતો સાંભળતા હૃદય દ્રવી જતુ. મારે ભગવાન પાસે જ રહેવાનું હોવાથી વાસણના સેટ જે વહેંચવામાં આવતા તે એક એક બાલ્ટીઓમાં ગોઠવતી. ઘણા જૂના કપડાની ગાંસડીઓ આવેલી તેમાંથી ભગવાનના આદેશ પ્રમાણે જૂના તેમજ સારા સ્ત્રી, પુરૂષોના અને બાળકોના કપડા વ્યવસ્થિત રીતે જુદા કરવાનુ કામ કરતી. દરજી પણ બેસાડેલો હતો તેની પાસે અમુક કપઠા ઠીક કરાવવાના રહેતા. અમુકધ મિલીટ્રીના ગરમ કપડાઓ આવેલા. તેમાંથી પુરૂષો માટે બંડીઓ કરાવેલી. આ બધા કપડાઓ ધોબીમાં ધોવડાવીને નવા કપડાઓ સાથે બધાને વહેંચવા માટે પહોંચાડવામાં આવતા. ગામમાંથી પંચાયતને પૂછી યોગ્ય માહિતિ મેળવી **રામ પ્રતાપ સુસિરિ મનમાહી, કરહુ સેતુ પ્રયાસ કલુ નાહી ।**

ખેડૂતોને બળદની જોડી અને જોઈતા જરૂરી ઓજારો તેમ જ અમુક મધ્યમ વર્ગ જે માંગી ન શકે અને જેને પુરી જરૂરત હોય તેમના ઘરના દરવાજામાંથી છાનામાના હજાર, બે હજાર જેવી યોગ્ય રકમ પહોંચાડવામાં આવતી. લોકોની માનવતા અને એક બીજા પ્રત્યેની હમદર્દી સાંભળતા બધા ગદગદ થઈ જતા. ઘેર ઘેર જયારે ભાઈઓ પૂછવા જતા ત્યારે સૌ કોઈ પોતાથી પણ વધારે ખરાબ હાલત જેની હોય તેને પ્રથમ મદદ પહોંચાડવા સામેથી જણાવતા. કયારેક કોઈ ભાઈ બહારગામ જતા હોય તો સાથે આપવા માટે ભગવાનના કહેવાથી નાસ્તતો બનાવી આપતી તો કયારેક કોઈને પત્ર લખાવતા. બાકી શેષ સમયમાં યથાશકિત નિયમ અને પંખાની સેવા કરતી. આ રીતે સમય પસાર થતો.

દિવસો જતા એકવાર ન છૂટકે મારા હાથમાં સેવા આવી. ત્રણ દિવસ ભગવાનને ભોજન કરાવવાનું, સ્નાનાદિ વિગેરે બધી સેવાનું સદભાગ્ય મળ્યુ, પરંતુ બને તેટલા જલ્દી કઈ રીતે મને દૂર કરવી તેના પૂર્ણ પ્રયાસો થતા. આ બધુ ભગવાન બરાબર જોતા રહેતા. પરિણામે આંતરિક પ્રેમ વધતો રહેતો હતો. કોઈ શરીરથી ગમે તેટલા દૂર કરે પરંતુ મનથી કોણ દૂર કરી શકે? નવસારીથી નીકળી વડોદરા આવ્યા. વડોદરાથી દાહોદ, ગોધરા થઈને ભગવાન ઈદોર પધાર્યા. રસ્તામાં પણ ભગવાન મને કઈ રીતે વઢે તેના પ્રયત્નો થતા અને છેવટે રડાવીને જ સંતોષ મેળવતા. આ પ્રમાણે ભગવાન સાથે રહેવામાં ઘણુ જ સહન કરવુ પડતુ. રસ્તામાં બે દિવસથી કાંઈ જમી ન હતી. ભગવાન જાણતા હતા. અને તેનુ કારણ પણ સમજવા હતા તેથી ઈદોર જઈ પોતાના રસોડામાં મને ખિચડી બનાવવા કહેલુ. તેઓનું વર્તન જોતા ત્યાં જવુ ગમે નહી પરંતુ ભગવાનને દુઃખ થાય તેથી એક ચીજ બનાવી રૂમમાં જઈને જમી લેતી. ભગવાન ત્યાંથી દેવાસ પધાર્યા. દેવાસ બંગલામાં પણ અમે ત્રણ જ જણા હતા. વર્તન આ રીતનું જ હતુ.

ત્યાંથી પિછોર નેત્રયજ્ઞમાં ગયા. ત્યાં તો હું વોર્ડમાં કામ કરવા માટે પણ જતી રહેતી. થોડીવાર પણ કોઈવાર પાસે બેઠેલી જુએ અથવા ભગવાનને માંગેલી કોઈ ચીજ આપતા જોવે તો તરત જ વિરોધ ઉભો થતો તેથી મેં ધીરે ધીરે ભગવાન પાસે જવાનુ, બેસવાનુ તદન ઓછુ કરી નાખેલુ. વોર્ડમાં કામ કરવા જતા એટલો જ પક્ષપાત અને અસત્યનું **(ક્રમશઃ)**

અહૈતુક કૃપા



## પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)



**સંપાદક : મહેન્દ્ર સી. જોષી**
મો. ૯૪૨૬૪૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્ય : પ.પૂ.કુ. રમાબેન પુરૂષોતમભાઈ નિરીક્ષક
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)

## ''લાઘવિકા''

મહેશ હાશ કરીને ઓછરીમાં ઢાળેલા ખાટલે બેઠો.ને બજારમાંથી ખરીદેલી વસ્તુની થેલી બાજુમાં મૂકી : ચા બનાવ લે.

મહેશે તેની પત્ની પરિતાને કહ્યાં.

'બસ ચા જ પીધા કરવી છે ને ?આ આઠમ જેવો તહેવાર આવે છે.પણ મારા માટે કે છોકરાં માટે કંઈ વસ્તુ આવવાની ખબર પડે છે ?'

પરિતાએ ખીજમાં ગેસ પેટાવ્યો.ને ચાની તપેલી મૂકી.અને તેનું બક બક ચાલુ જ રહ્યાં.

મહેશ માર્કેટિંગ યાર્ડમાં કામ કરતો હતો.ઘરનો વહેવાર ચાલે એટલું કમાઈ લેતો હતો.પણ વધારાનો ખર્ચ આવી પડે તો વિચારવું પડતું.

ચાનો ઉભરો આવ્યો તો એ પરીતાને ખબર ન રહી. એ તો બોલ્યે જ જતી હતી.

મહેશ થેલી લઈને ઊભો થયો.'આ થેલીમાં શું લાવ્યો છું એ તો પેલા જો..'

'મારે નથી જોવું.તમારા કપડાં લાવ્યા હશો એ મને ખબર છે..' ચાનો ઉભરો બરાબર ઊંચે આવ્યો.

મહેશે થેલીમાંથી કપડાંની કોથળી કાઢીને બતાવી.અને પરિતાનો ચહેરે ખુશી છવાઈ ગયી.: હે..તમે મારા માટે ડ્રેસ લાવ્યા છો.!અને છોકરાઓ માટે પણ લાવ્યા ?' પછી અફસોસ કર્યો,'તો તમારા કપડાં ?'

'તું અને છોકરાંથી વિશેષ મારે શું હોય ! તમેસરસ મજાના કપડાં પહેરે એટલે હું ખુશ છું..'

અને ચામાં આવતો ઉભરો જોઈને તરત પરીતાએ ગેસ પરથી તપેલી ઉતારી લીધી.ઉભરો તરત બેસી ગયો.

**– દીપ્તિ પી. રાવલ**
**ઉપલેટા.**

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય

### સુખનું ગંગાજળ છે આપણા હાથમાં, પ્રેમની પ્રસાદી છે, તો પ્રભુ તમારી સાથમાં.

સાર્થક જીવનનો અર્થ આપણે શું કરીએ છીએ ? પ્રસન્ન અન ભરપૂર સુખવાળુ જીવન. ઈચ્છારામ સૂર્યરામ દેસાઈનું એક અતિ સુંદર વાંચવા જેવુ પુસ્તક છે. ચંદ્રકાંત મણી–ભાગ–૧ થી ત્રણ, અંગ્રેજીમાં પણ અનુવાદ થયો છે. ''પ્રેકટીકલ નોલેજ ઓફ વેદાન્ત'' ગુજરાતી સાહિત્યમાં આવુ પ્રથમ પુસ્તક છે. તેમાં સુખની શોધ વિશે એક સુંદર ખૂબ લાંબી વાર્તા છે. પણ ટૂંકમાં સારરૂપે વાત કહીએ તો. સાચુ સુખ આપણી ભીતર છે. આપણે શાંતિથી મૌન બની એકાંતમાં વિચારીએ તો ખ્યાલ આવશે કે આપણી આસપાસ સુખનો દરિયો–ભહેરાય છે. આ સમજવા જો ભીતરમાંથી કોઈ અવાજ ન મળે તો સારા સજજન મિત્રો સાથે તમારી વાત કરશો. તો સમજાશે કે સુખ એ કોઈ તૈયાર દાગીનો નથી. આપણે તેને ઘડવો પડે છે. આપણે આપણી દ્રષ્ટિ બદલવી પડે છે. સારા પોઝીટીવ વિચારોને પ્રવેશવા મનની બારીઓ ખુલ્લી કરવી પડે છે. ઈશ્વરે આપણને ખૂબ ખૂબ ખજાનો આપ્યો છે. પણ એ ખજાનો ઓળખવો પડે છે. તમે તંદુરસ્ત હશો તો સારુ ખાઈ–પી શકશો. બત્રીસ જાતના ભોજન ટેબલ ઉપર હોય પરંતુ તમને ભૂખ ન લાગી હોય તો ? ચારેબાજુ આનંદ–ઉત્સવ હોય પરંતુ તમને ૧૦૪ ડીગ્રી તાવ હોય તો ? આપણા ઘરની બહાર નજર કરીએ તો ખ્યાલ આવશે કે એક ટકનું જમવાનું નથી. એવા માણસો પણ છે. હજારોને ભોજન આપી શકે એવા પણ માણસો છે. અને લાખો રૂપિયાનો પગાર આપી શકે તેવા ધનવાનો પણ છે. પરંતુ તેથી તેઓ સુખી છે! ? એક દ્રષ્ટાંત :

સુખની શોધમાં નીકળેલો એક માણસને ભગવાન શંકરે પ્રસન્ન થઈ માંગવાનું કહ્યુ. તેથી સૌથી વધુ સુખી માણસની શોધ માટે નીકળેલો આ માણસ ખૂબ ફર્યો. બાળકોને જોયા તો પરીક્ષાનું ટેન્શન યુવાનોને જોયા તો નોકરીનું ટેન્શન. નોકરી મળતી નથી. આમ અનેક જગ્યાએ જોયુ તો પ્રશ્નો, ચિંતા વગેરે હેતુ પરંતુ મુંબઈમાં એક મોટા મહેલ જેવુ મકાન જોઈ ઘડીક ઉભો રહી ગયો. તેને થયુ કે આ બંગલાના માલિકને મળ્યુ. તેથી ચોકીદારને વિનંતી કરી. શેઠને મળવુ છે. ખાસ અગત્યનુ કામ છે. ખૂબ આજીજી પછી શેઠે મળવા આવવાની હા પાડી. મળવા જતા જોયુ કે ચારેતરફ વૈભવ છલકતો હતો.પાર વગરનાં નોકર–ચાકર. સાહેબી અઢળક સુખ જોઈ રહ્યો. થયુ કે આ શેઠને જે સુખ છે તેવુ સુખ ભગવાન પાસે માંગુ.શેઠને વિનંતી કરીને કહ્યુ મારે આપને અંગત પ્રશ્ન પૂછવો છે. આપના સુખનું રહસ્ય જાણવુ છે. આપ મને સાચો ઉત્તર આપશો. શેઠે પોતાની આસપાસના બોડીગાર્ડ – નોકરોને બહાર જવાની સુચના આપી. પછી પેલાએ પ્રશ્ન પૂછયો : મારે તમારી જેવુ સુખ માંગવુ છે. આપ ખૂબ સુખી છો. હું આપના સુખથી ખૂબ પ્રભાવીત થયો છું. શેઠે કહ્યુ ભાઈ હું આપના સુખથી ખૂબ પ્રભાવિત થયો છું. શેઠે કહ્યુ ભાઈ હું અત્યંત કમનસીબ દુઃખી માણસ છુ. સાતમાં માળે બિરાજેલ શેઠ પાસે બારી હતી. તેમાં તેમના બગીચામાં બેઠેલી સ્ત્રી–પુરૂષને બતાવ્યા. જુઓ નીચે પેલા બે પતિ–પત્ની ડુંગળી અને રોટલો ખાય છે. તેઓ સાચેજ સુખી છે. મને તો તેમની ઈર્ષ્યા થાય છે. કેવો સુખી છે ? પેલો માણસ આ સાંભળી સ્તબ્ધ થઈ ગયો. પછી શેઠે આગળ કહ્યુ. મારે ચાર દીકરા છે. કોઈ મારા કહ્યામાં નથી. મારી તબિયત કાચના વાસણ જેવી છે. રાતે ઉઘ આવતી નથી. સુવા માટે રોજ ટીકડી લઉ છુ. બી.પી. ખૂબ જ હાઈ છે. એટલે તેની ટીકડી, ડાયાબિટીઝ ૩૫૦ ઉપર રહે છે. બે ટેબલેટ કહે છે હવે ત્રીજો એટેક ઘણો તીવ્ર હશે. રાતે અસ્થમાનો હૂમલો થાય છે. એટલે ઓકસિજન બાટલા ઉપર રાત કાઢુ છું. પત્ની ઝઘડાળુ છે. વાત વાતમાં કચ કચ અને ફરિયાદ કરે છે. કહો આમાં તમને મારુ શું સુખ જોઈએ છે ? આવનાર વ્યકિત સાંભળીને ચોકી ગયો :'' પત્ની સંતોષી, સમજુ અને સદગુણી હોય તો બીજા દુઃખ હળવા થઈ શકે. હું માત્ર ગરીબ છું. પરંતુ પત્ની ડાહી છે. સંસ્કારી છે. મનુષ્મૃતિ લખ્યુ છે.'' એમ વિચારતો રહ્યો.

સંતુષ્ટો ભાર્યાયા ભર્તા ભાર્યા તથૈવ ચ । યસ્મિત કુલે નિત્યં કલ્યાણં તત્રૈ ધ્રુવમ ॥

(મનુ. ૩,૬૦) અર્થ. જે કુટુંબમાં પત્નીથી પતિ અને પતિથી પત્ની પ્રસન્ન અને સંતુષ્ટ રહેતા હોય ત્યાં શાશ્વત કલ્યાણનો વાસ હોય છે. મતલબ સુખ જ હોય છે. દરેક માણસને પારકા ભાણાનો લાડવો મોટો લાગે છે. આ જૂની કહેવત છે. દરેક આત્મ ચિંતન કરીને પ્રભુએ આપણને જે આપ્યુ છે. તેમાં સુખ અને શાંતિ શોધવા જોઈએ.

આપણે પ્રસન્ન ચહેરો લઈ બહાર જવું જોઈએ. જે લોકો આપણા સ્વજનો છે. તેઓ પણ ખુશ ચેહરો જોઈ ખુશસ અનુભવે છે. તેથી જ કહેવાયુ છે કે સુશીલ નારીનો સંગ એ પણ સુખનો એક રંગ છે. સદગુણી નારી એ જીવનનો સત્સંગ છે. દરેક કાર્યમાં સાથ–સહકાર આપે છે. પ્રત્યેક પગલુ સુખી જીવનને શણગારે છે. ખરા સુખનો રસ્તો કુંટુંબ જીવનનો પ્રેમ–સંપ–વિશ્વાસ છે. (અપૂર્ણ)



**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

# ''સમજણ એ જ નારાયણ''

### ''વો સુફી કા કૌલ હો, યા પંડિત કા રપાન, જીતની બીતે આપ પર, ઉતના હી સહી માન''

પદ્મશ્રી શાહબુદીનભાઈ રાઠોડ અનુભૂતિ અંગે બહુ સરસ વાત કરતાં કહેતા હોય છે કે : ''જે સંવેદન તમે પોતે જાતે ન અનુભવ્યું હોય.. તેની અનુભૂતિ કયારેય સામા માણસને નહીં કરાજી શકો ! '' માણસ કોઈપણ સફી, પંડિત, કથા–વાર્તા, કે પુસ્તકોમાંથી જે શીખે છે, મેળવે છે, તેનાંથી પણ જાત અનુભવમાંથી જયારે શીખે કે મેળવે છે, તેની અસર અને અમલ અનેરો જ હોય છે ! રપાનપ્રાપ્તિનાં કે તાલીમનાં અનેક મૌજુદ માધ્યમ કરતા પણ જયારે જાત ઉપર વાત આવે અને ઠાકેર જે શીખવે અભાવો જે શીખવે, પરિસ્થિતિઓ જે પાઠ ભણાવે તે તાલીમ કોઈપણ પાઠશાળાથી પણ ચડિયાતી હોવાની આપણે ત્યાં જુની કહેવત છે કે : ''આપ મર્યા વગર સ્વર્ગે ન જવાય.'' તેમ પારકી પાંખે કદી ઊડી શકાતું નથી. નથી..ને નથી. જ ! ! અનુભવો એ જ શ્રેષ્ઠ અભ્યાસ અને સાચું ઘડતર છે. અને અનુભવો મેળવવા માટે રગદોળાવું એ જ તેની પાયાની શરત છે. ! જુદા જુદા અનુભવોની માણસની ઉપર જુદી જુદી અસરો થતી હોય છે. આ આખો પાત્રતા અને અનુભૂતિનો વિષય બની જાય છે. સંવેદનશીલ માણસને થયેલો અનુભવ તેની જીવનશૈલી બદલી નાખે છે. તો એ જ અનુભવ ભાવશૂન્ય માણસને કાંઈ અસર કરતાં નથી. અનુભવ અંગેની હર્ષદ ત્રિવેદીની રચના જુઓ :

**'' પવનને એ કહેવો**
**મજાનો અનુભવ,**
**થયો રોમે રોમે**
**દીવા–નો અનુભવ.**
**અજવાળું ઝોંકાર**
**પ્રત્યેક શ્વાસે,**
**અને કોઈ કહે છે કે**
**છાનો અનુભવ**
**જવું ઓગળીને પૂરી**
**જાત ખોવી,**
**એ કોની હશે**
**કામનાનાં અનુભવ !**
**અમસ્થું તરસવું,**
**અચાનક વરસવું**
**હવે એ જ જાણે**
**સદાનો અનુભવ !**
**તદન છે અંગત**
**અને આગો છે,**
**નથી કોઈ તેનો કે**
**આ–નો અનુભવ.**
**ફરી એ જ**
**આનંદને વાત ઝીણી**
**ઠરે ના હવે કે**
**કશાનો અનુભવ !**

**:: નવનીત ::**

**મંજીલ નહીં... રસ્તાઓ જ ઘણું શીખવે છે, એટલે જ શવદો રપાનથી સમજાય છે, અર્થ અનુભવથી !**



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૧૪ – અમરેલી

# ખુશીઓની ખરીદી

ખુશ રહેવું અઘરું નથી નક્કી કરો તો..! ખરેખર ખુશી કોને ન ગમે ? દરેક વ્યક્તિ પોતાના જીવનમાં ખુશી ઈચ્છે છે. દરેકને ખુશીની ચાહ હોય. પરંતુ સતત ખુશી મળે એ શકય નથી.

આ જીવનમાં ખુશીની જેમ જ દુઃખ પણ આવે અને આવશે જ તેને રોકી ન શકાય. એ દુઃખ સંબંધોમાંથી જન્મે કે અન્ય કોઈ રીતે પણ તેનો અસ્વીકાર ન કરી શકાય. એટલે જીવનમાં ખુશી કે દુઃખનું આવવું એ આપણા હાથમાં ન હોય પણ આપણે ખુશ રહેવું કે દુઃખમાં તણાઈ જવું એ તો આપણે ચોક્કસ નક્કી કરી શકીએ. અને આ ખુશ રહેવા માટે કોઈ ઝાઝા પ્રયત્નોની જરૂર નથી અને તે અઘરું પણ નથી. જરૂર છે માત્ર એ સ્વીકારની કે આપણી ખુશી માટે આપણે પોતે જ જવાબદાર હોઈએ અન્ય કોઈ નહીં.

જયાં સુધી આપણે આપણી જાતને જવાબો આપી શકીએ તેને છેતરવી ન પડે, કોઈને અડચણરૂપ બન્યા વગર આગળ વધી શકીએ તો ખુશ રહી શકીએ. પરંતુ જયારે કોઈ પણ ખુશી માટે જો જાતને જવાબો આપતા ખચકાવું પડશે. ખોટા જવાબો આપવા પડશે ત્યારે તે ગમે તેટલી મોટી ખુશી તમને સાચો આનંદ નહીં આપી શકે. એટલે કોઈની નોંધપોથીમાં આવવા પોતાની જાતથી વિમુખ થઈ ગેરમાર્ગે ડગલા ઉપડે ત્યારે મોટામાં મોટી ખુશી પણ દુઃખનું કારણ બને છે.

વળી આપણે સૌ આપણી ખુશી કે દુઃખનો આધાર અન્યને માની બેઠા છીએ. અન્યના અભિપ્રાય મુજબ આપણે ખુશ કે દુઃખી થતા હોઈએ છીએ. એટલે આપણી ખુશી કે દુઃખનું રિમોટ અન્ય કોઈના હાથમાં હોય ત્યારે એ ખુશી કયારેય સ્થિર રહેતી નથી. આપણે અન્ય કોઈની કદર કે સરાહનાથી ખુશ થઈએ અને ટીકાથી દુઃખી થઈએ. પરંતુ સૌ પ્રથમ તો ખુશ રહેવા માટે પોતાની જાત પર પહેલા પોતે વિશ્વાસ કેળવવો પડે, પોતાના સારા કામની કદર પહેલા પોતે કરવી પડે. પછી અન્યનો અભિપ્રાય તમને ખુશ કે દુઃખી ન કરી શકે.

હા અન્યના અભિપ્રાયોમાંથી શીખી અને સુધરી જરૂર શકાય પણ એ કયારેય તમારી ખુશી કે દુઃખનો આધાર ન હોય. જે માણસ પોતાની જાત પર વિશ્વાસ ન કરી શકે, પોતાની જાતને ઉતરતી કે નિર્બળ સમજે, સતત પોતાનામાં દોષ જોઈ દુઃખી રહ્યા કરે અને પોતાની છબીને અન્યની આંખમાં ઉજ્જ્વળ સાબિત કરવાના પ્રયાસો કર્યા કરે. ત્યારે તે અન્યના એકાદ નબળા પ્રતિભાવથી દુઃખી થઈ જાય છે. આવું જીવન ખુશી નથી આપી શકતું. '' નાનકડી નોંધ પામવા કોઈની, ભીતરથીએ ભૂંસાતો જાય છે.''

જયાં સુધી માણસ પોતાની જાતથી ખુશ ન હોય ત્યાં સુધી તે અન્ય કોઈપણ વ્યક્તિથી ખુશ થઈ જ ન શકે. સે પ્રથમ તો પોતે પોતાની જાતનો સ્વીકાર કરી તેની સાથે ખુશ રહેતા શીખવું પડે. કેમકે, ખુશ થવું અને ખુશ રહેવું બંને જુદી પ્રક્રિયા છે. અન્ય દ્વારા તમે ક્ષણિક ખુશ થઈ શકો. ખુશ રહેવા તો આપમેળે જાત સાથે મહેનત કરવી પડે. ખુશી એ સરખામણીનો વિષય નથી. આપણે આપણી ખુશીની મુલવણી અન્યની વ્યક્તિા સુખ, સફળતા, સમૃદ્ધિ કે ખુશી સાથે કરીએ છીએ અને ત્યારે આપણો આનંદ કે આપણી ખુશી દુઃખમાં પરિણામે છે.

ખુશી કે આનંદ એ તો માણવાની મોસમ છે. બસ એને માણી લેવાની હોય. કેમ? શું? કયારે? કેવી રીતે એ કોઈ જ પ્રશ્ન વગર, એ કોઈ જ મથામણ વગર.

હા એ વાત સત્ય છે કે, ખુશીના ખોબા હોય ને દુઃખના દરિયા. પણ તેમ છતાં ખુશીની ખડકીએ બેસીને દુઃખના દરવાજે નજર કરશો તો એ દરવાજો પાર કરવો સરળ થઈ જશે.

**અનુભૂતિના અક્ષરો**



– નિધિ મહેતા ''ખુશી'' અમદાવાદ

# સાવરકુંડલા : ધારાસભ્ય કસવાલા દ્વારા ૭૮માં સ્વાતંત્ર્તા દિવસની અલગ અલગ જગ્યાએ કરાઈ ઉજવણી



આઝાદીનાં અમૃતકાળમાં ગુજરાત બમણી ગતિથી વિકાસ કરી રહ્યું છે ત્યારે ૭૮માં સ્વતંત્રતા દિવસની ઉજવણી સાવરકુંડલા ખાતે ઉત્સાહભેર કરવામાં આવી. સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્ય મહેશ કસવાલાએ ૧૫મી ઓગષ્ટની ૭૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સાવરકુંડલા–લીલીયા મત વિસ્તારમાં કરી હતી. જેમાં સાવરકુંડલાનું સ્વામીનારાયણ ગુરૂકુળ ખાતે, પૂર્વ કૃષિમંત્રી વી.વી. વઘાસીયાના માદરે વતન વિજયાનગર ખાતે અને થોરડી ગામ ખાતે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી દેશની આન, બાન અને શાન સમો તિરંગો લહેરાવીને કરી હતી. ભારત દેશ વિશ્વ સત્તા બનવા તરફની પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની કૂચ દરેક ભારતવાસીઓ માટે ગૌરવ પૂર્ણ ક્ષણ કહવોય ને તે ગૌરવ પૂર્ણ દિવસોની સમીપ લઈ જનારા દેશના યશસ્વી વડાપ્રધાન મોદી હંમેશા એક દેશ એક રાષ્ટ્ર સાથેની ભાવનાઓ અંકિત કરીને સમગ્ર ભારત દેશને એક તાંતણે બાંધીને વિકાસની નવી કેડી કંડારી છે. ત્યારે ૭૮માં સ્વાતંત્ર્ય પર્વ પર ધારાસભ્ય મહેશ કસવાલાએ ગ્રામીણ ગામડાઓ સાથે વિદ્યાર્થી ભૂલકાઓ અને પોતાના સત્વ અટલધારા કાર્યાલય ખાતે તિરંગો લહેરાવ્યો હતો. તેમ સત્વ અટલધારા કાર્યાલયનાં ઈન્ચાર્જ જે.પી. હીરપરાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાનાં તબીબોમાં

વેલાણીએ જણાવ્યું હતું.

**લીલીયા**

લીલીયા મોટાના ડોકટર એસોસિએશન દ્વારા કલકત્તામાં થયેલ તબીબીહત્યા અને દુષ્કર્મ તેમજ જૂનાગઢ માં તબીબ અને સ્ટાફ પર થયેલ હુમલાના મામલે ડોકટર એસોસિએશન દ્વારા રોષભેર આવેદનપત્ર પાઠવવામાં આવેલ. આવેદનપત્રમાં જણાવવામાં આવેલ કે કોલકતામાં મહિલા તબીબ ઉપર બર્બરતાપૂર્વક થયેલ દુષ્કૃત્ય અને હત્યા તેમજ જુનાગઢમાં તબીબ અને સ્ટાફ ઉપર થયેલ જીવલેણ હુમલા તે અત્યંત શરમજનક અને વખોડવા લાયક કૃત્ય છે અને ડોકટર એસોસીએશન લીલીયા આ કૃત્યને વખોડે છે અને આ કૃત્યના ગુનેગારોને સખ્તમા સખત સજા થાય અને ભવિષ્યમાં પણ આવી કોઈ ઘટના ન બને તે માટે તબીબ એસોસીએશન દ્વારા આજ રોજ મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | જુવાર સફેદ | ૭૦૦ | ૭૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૨૫૦ | ૨૨૫૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૭૬ | ૧૫૪૪ |
| ૨ | જીરૂ | ૪૦૨૫ | ૪૫૭૫ |
| ૩ | ઘઉં | ૪૬૮ | ૫૫૨ |
| ૪ | તલ | ૧૯૯૫ | ૨૧૨૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૯૯ | ૧૧૪૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૪૩ | ૧૧૯૫ |
| ૩ | શિંગા ફાડા | ૧૦૦૦ | ૧૪૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૬૧૦ |
| ૫ | તલ કાળા | ૨૮૮૦ | ૩૫૧૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૩૯૧ | ૩૩૯૧ |
| ૭ | બાજરો | ૩૬૦ | ૪૭૫ |
| ૮ | જુવાર | ૩૫૧ | ૮૫૨ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૬૦ | ૫૮૬ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૪૫ | ૫૮૫ |
| ૧૧ | મગ | ૧૨૯૫ | ૧૫૬૫ |
| ૧૨ | ચણા | ૧૧૮૦ | ૧૫૧૧ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૨૦૨૫ |
| ૧૪ | કપાસ | ૯૪૨ | ૧૫૬૫ |
| ૧૫ | એરંડા | ૧૧૦૦ | ૧૧૬૫ |
| ૧૬ | જીરૂ | ૩૫૩૦ | ૪૫૦૦ |
| ૧૭ | ધાણા | ૧૦૦૦ | ૧૨૫૫ |
| ૧૮ | મેથી | ૧૦૩૫ | ૧૧૫૫ |
| ૧૯ | સોયાબીન | ૭૦૦ | ૮૧૧ |
| ૨૦ | રજકાનું બી | ૪૭૦૦ | ૫૧૩૦ |

## પાના ૧ ઉપરનું ચાલું જયેશભાઈ ખાચરની અણધારી વિદાય

૨૦૧૮માં જી.પી.એસ.સી.ની પરીક્ષા પાસ કરી અને નાણા વિભાગમાં કલાસ–૨ અધિકારી તરીકે સેવામાં જોડાઈ ગયા. ગામડાની સરકારી શાળ ામાં ભણેલો આ યુવાન પોતાની ક્ષમતાના જોરે માત્ર ૨૨ વર્ષની ઉંમરમાં અધિકારીના ઉચ્ચ પદ પર પહોંચી ગયા. ૨૦૧૮ની એમની બેચના કદાચ એ સેથી નાની ઉંમરના અધિકારી હતા.

સરકારી પદ મળતા જ માણસના તેવર બદલવા માંડે એવા અનેક કિસ્સા મે મારી સગી આંખે જોયા છે. તેઓ અધિકારી બન્યા પછી ઉલ્ટાના વધુ નમ્ર થયા. હોદાનો કોઈ જ ઘમંડ નહિ, સામાન્યમાં સામાન્ય માણસ સાથે હસીને વાત કરે, તમે સરકારી કચેરીમાં જાવ તો ઘણા બાબુઓના મોઢા તમને ઉતરેલી કઢી જેવા લાગે એની સામે આ હંમેશા હસતા જ હોય. કામમાં કયારેય વેઠ નહિ ઉતારવાની. એના નિયમિત કામ સિવાય કલેકટર દ્વારા બીજું કોઈ કામ સોંપવામાં આવે તો એ કામ પણ ઉમંગ અને ઉત્સાહ સાથે કરે. જયાં પણ કામ કરે ત્યાં એવા ભળી જાય કે બધાને એમ જ લાગે કે આ આપણાં વિભાગના અધિકારી છે.

અધિકારીની ખુરશી પર બેસતાની સાથે મોટા ભાગના અધિકારીઓમાં ખુરશી પણ બેસી જતી હોય છે. આ સાવ નોખી માટીના માણસ હતા. ખુરશીનો કોઈ ભાર નહિ. સાવ સાદું જીવન. બીજા શું કરે છે એમાં કોઈ રસ નહિ બસ પોતાની મસ્તીમાં જીવવાનું.

એમના હાથ નીચે કામ કરતા કર્મચારીઓને જયેશભાઈ બોસ ઓછા અને મિત્ર વધુ લાગે. સહ કર્મચારી હોય કે અરજદાર બધાને કામમાં મદદ કરે. અમરેલીમાં અધિક જિલ્લા તિજોરી અધિકારી તરીકે જિલ્લાના નિવૃત્ત કર્મચારી/ અધિકારીઓને પેન્શન ચૂકવવાની એમની જવાબદારી હતી. આ જવાબદારી એમણે એવી બખૂબીથી નિભાવી કે હજારો પેન્શનરોના હદયમાં એમણે સ્થાન પ્રાપ્ત કર્યુ. કોઈ દાદા કે દાદી પોતાના પેન્શનના કોઈ પ્રશ્નના નિરાકરણ માટે આવ્યા હોય તો પોતાની ચેમ્બરમાંથી બહાર ઊભા થઈને જાણે એમના જ દાદા કે દાદી હોય એ રીતે સાથે જાય અને એમના પ્રશ્નનો ઉકેલ લાવે. સાચો કાઠી દરબાર કેવા હોય એ તમને જયેશભાઈને જોઈને સમજાય.

ગઈકાલે રાત્રે અકસ્માતમાં બ્રેઈન હેમરેજ થવાથી માત્ર ૫ જ મિનિટમાં શરીર છોડીને અનંતની વાટે નીકળી ગયા. જેટલી ઝડપથી એ લોકોના કામ કરતા એટલી જ ઝડપથી માત્ર ૨૮ વર્ષની વયે આ જગત છોડી દીધું. ભગવાન પણ ગજબનો ખેલ ખેલે છે. એમની રચેલી આ સૃષ્ટિને જે સુંદર બનાવવામાં મહત્વનું યોગદાન આપતા હોય એને અહીંયા રહેવા દેવાને બદલે પોતાની પાસે બોલાવી લે છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૩૦ | ૧૧૩૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૦ | ૧૧૬૧ |
| ૩ | શીંગદાણા | – | ૧૨૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૩૫ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૩૪૫૧ |
| ૬ | જીરૂ | ૪૪૦૦ | ૪૭૧૮ |
| ૭ | કપાસ | ૧૩૫૭ | ૧૫૫૦ |
| ૮ | ઘઉં લોકવન | ૫૩૩ | ૬૦૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૩૫ | ૫૯૬ |
| ૧૦ | બાજરો | ૪૧૬ | ૪૬૫ |
| ૧૧ | જુવાર | ૭૫૦ | – |
| ૧૨ | મકાઈ | ૪૨૫ | – |
| ૧૩ | મગ | ૧૪૩૦ | ૧૫૮૬ |
| ૧૪ | ચણા | ૧૩૦૦ | ૧૪૬૨ |
| ૧૫ | મેથી | ૧૦૨૨ | – |
| ૧૬ | ધાણા | ૧૧૦૦ | – |

## પાના ૮ ઉપરનું ચાલું બાબરાનાં વાવડા ગામે

ઘનશ્યામભાઈ વિઠ્ઠલભાઈ ભાયાણીની વાડીમાં મજુરી કામે આવેલ હોય અને આ મનિષાબેન રાકેશભાઈ બામણીયાને છેલ્લા આઠેક વર્ષથી મિથુન ભુરીયા (મધ્યપ્રદેશ) વાળા સાથે પ્રેમ સંબંધ હોય જેની જાણ આ મહિલાના પતિને હોય. જેથી આ બાબતે બંને પતિ–પત્નિ વચ્ચે ઝઘડા થતા હોય અને ગઈ તા. ૧૪ના રોજ વાવડા ગામની સીમમાં મહિલા તથા તેણીના પતિ તથા તેમની ૨ વર્ષની દિકરી રાહેલ અને એક દોઢ માસનો દિકરો હતો એ દરમ્યાન સાંજના આ બંને પતિ–પત્નિ વચ્ચે ઝગડો થયેલ હોય. ત્યારે આ મહિલાના પતિએ ગુસ્સામાં પોતાની પત્નીને કહેલ કે તારે જાવુ હોય તો તું મિથુન ભુરીયા સાથે જતી રહેજે એમ કહી તેણીનાં પતિએ ઝગડો કરેલ અને બાદ ત્યાં વાડીએ સુઈ ગયેલ હતાં. બીજા દિવસે તા. ૧૫ના રોજ સવારે આશરે પાંચેક વાગ્યે મહિલા જાગેલ અને જોયુ તો તેણીનો પતિ પથારીમાં હતા નહી અને તેના બંને બાળ કો પથારીમાં સુતા હતા. જેથી મહિલા તેમના દોઢ માસના દિકરાને સાથે લઈ તેમના પતિને આજુબાજુમાં શોધવા નીકળેલ હતી પરંતુ તેમના પતિ મળી આવેલ નહી. જેથી તેણી પોતાના દિકરાને સાથે લઈ વાવડા ગામ તરફ જતા ગાડા માર્ગે ચાર–પાંચ ખેતર સુધી આગળ ગયેલ હતી. પરંતુ તેણીના પતિ કયાંય મળી આવેલ નહી જેથી મહિલાને ખુબ ગુસ્સો આવેલ હતો.

આ મહિલાનો પતિ અવાર નવાર તેણીને કહેતો કે તું મિથુન ભુરીયા પાસે જતી રહે જેથી મહિલાને આ મિથુન ભુરીયા પાસે જવા વિચાર આવેલ હતો. પરંતુ પોતાને બાળકમાં એક દિકરી અને એક નાનો દિકરો હોય અને પોતાના સમાજમાં દિકરો હોય તો બીજા લગ્ન કોઈ ન કરે અને દિકરાને પણ ના રાખે અને પોતાને મિથુન ભુરીયા સાથે લગ્ન કરવા હોય, તેની પાસે જતુ રહેવુ હોય અને પોતાનો પતિ પણ કહ્યા વગર જતો રહેલ હોય જેથી તેણીને ખુબ જ ગુસ્સો આવેલ હતો. ત્યારે વાડીના રસ્તે એક વાડીએ કુવો હતો અને તેની બાજુમાં પાણીની ભરેલી કુંડી હતી. જેથી આ કુંડીમાં સગ્ગી જનેતાએ પોતાના દોઢ માસના દિકરાને પાણીમાં ડુબાડી દઈ મોત નિપજાવી દીધું હતું. આ બનાવ અંગે આરોપી મહિલાએ બાબરા પોલીસમાં પોતાના દોઢ માસનું બાળક પાણીની ટાંકીમાં ડુબી જવાની ઘટના જાહેર કરેલ હતી. પોલીસે આ બનાવ અંગે તપાસ હાથ ધરતા અને દોઢ માસના બાળકની પૂછપરછ કરતાં પોતે જ પોતાના બાળકને પાણીમાં ડુબાડી દઈ મોત નિપજાવી દીધાની કબુલાત આપી હતી.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૫૫ | ૧૬૫૫ |
| ૨ | ઘઉં | ૫૩૦ | ૫૭૧ |
| ૩ | તલ | ૨૨૩૭ | ૨૨૩૭ |
| ૪ | શીંગ ફાડા | ૧૧૫૦ | ૧૩૭૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૦૨ |
| ૨ | ચણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૭૨ | ૫૬૮ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૭૨ | ૫૪૨ |
| ૫ | સોયાબીન | ૭૭૦ | ૭૭૫ |
| ૬ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૭૧ |
| ૭ | શીંગદાણા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૮ | મગફળી | ૭૦૦ | ૭૦૦ |
| ૯ | ધાણા | ૧૦૯૦ | ૧૧૫૫ |
| ૧૦ | મગ | ૧૪૫૦ | ૧૩૯૦ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં વિકાસ કાર્યો અંગે

પસાર થાય તે માટે ઓવરબ્રિજ, બાયપાસ માર્ગ ઉપર નવા સર્કલ બનાવવા, શહેર તમામ બંધ સ્ટ્રીટલાઈટ એક મહિનામાં શરૂ કરવા, શહેરમાં નિયમિત પાણી માટે ૩ મહિનામાં શરૂ થઈ જશે તેમ જણાવ્યું હતું.

વધુમાં તેઓએ રાધેશ્યામ હોટલથી જેશીંગપરા થઈને રૂપમ રોડ, ગર્લ્સ હાઈસ્કૂલ થઈને સરદાર સર્કલ સુધી સીસી માર્ગ, સાવરકુંડલા માર્કેટયાર્ડ નજીકથી ગાવડકા ચોકડી થઈને મહુવા–જેતપુર હાઈવે બનાવાશે અને રાધેશ્યામ હોટલ (ગાવડકા રોડ)થી માંગવાપાળ નજીક થઈને સાંગાડેરી ગામ પસાર કરીને બાયપાસનો રીંગરોડ બનાવવાની તૈયારી શરૂ કરી હોવાનું પણ જણાવ્યું હતું.

વધુમાં તેઓએ શહેરમાં કાયદો અને વ્યવસ્થા મજબૂત બનાવવા વધુ એક પોલીસ સ્ટેશન અંગે ગૃહમંત્રી સમક્ષ રજૂ કરવામાં આવશે. શહેરની ટ્રાફિક સમસ્યા, રાજમહેલનું રીનોવેશન સહિતની કામગીરી પણ શરૂ કરવાનું જણાવ્યું હતું.

### –// એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ રજી નં. ૨૪/૨૦૨૪

**અરજદારઃ**–શ્રી નાનબાઈબેન બાબુભાઈ જરગલિયા
રહે. સાજીયાવદર, તા.જિ. અમરેલી

–:: વિરૂધ્ધ ::–

**સામાવાળાઃ**–જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી
–વ–
તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મું. સાજીયાવદર, તા.જિ.અમરેલી

**–:: જાહેર નોટિસ ::–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સાજીયાવદર ગામના નાનબાઈબેન બાબુભાઈ જરગલિયા તેઓના પુત્ર કાળુભાઈ બાબુભાઈ જરગલિયાની જન્મ તા.૦૧/૦૫/૧૯૬૦ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૩/૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

AMRELI EXPRESS DAILY

**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૮૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૫૫૦ |
| ૩ | તલ પીળા | ૨૯૫૧ | ૨૯૫૧ |
| ૪ | કપાસ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| ૫ | બાજરો | ૪૯૦ | ૫૧૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૮૦ |
| ૭ | જુવાર | ૪૬૮ | ૭૧૫ |
| ૮ | મગ | ૧૫૨૫ | ૧૫૬૧ |
| ૯ | ચણા | ૧૨૫૦ | ૧૩૫૦ |
| ૧૦ | જીરૂ | ૪૫૦૦ | ૪૫૦૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૧૨ | સોયાબીન | ૮૧૫ | ૮૧૫ |

# ચલાલા ખાતે પોલીસ દ્વારા સાયબર ક્રાઈમ વિશે માહિતી અપાઈ



ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત હરિબા મહિલા કોલેજ ખાતે અમરેલી જીલ્લા પોલીસ સાઈબર ક્રાઈમના સ્ટાફ વિશે માહિતી આપવામાં આવી હતી. જેમાં અત્યારે થતા અલગ અલગ ફ્રોડ થી બચવા માટેની જરૂરી વિગતો સાથે માહિતગાર કરવામાં આવ્યા હતાં. આ માટે સાઈબર ક્રાઈમમાંથી નૈતિકભાઈ બાબરિયા, સાધનાબેન દાફડા, સમીરભાઈ ખાન, સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. તેમજ સંસ્થાના ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન એ અધિકારીઓનો આભાર વ્યકત કર્યો હતો.

દર રવીવારે બપોરે માણો
રજવાડી સ્પેશ્યલ
ગુજરાતી થાળ
Avadh
Family Restaurant & Banquet Hall
Near Ram Enterprise, Market Yard Road, Amreli 82385 66066

## ''અમરેલી એક્સપ્રેસ''નાં તંત્રી મનોજ રૂપારેલનાં નિવાસ સ્થાને રૂબરૂ જઈને

# અમરેલીનાં વિકાસ કાર્યો અંગે ચર્ચા કરતાં નાયબ દંડક કૌશિક વેકરિયા

**શહેરની બંધ સ્ટ્રીટલાઈટ, માર્ગો, પીવાનું પાણી સહિતનાં પ્રશ્નોનો નિકાલ કરવા માટેની કામગીરી જણાવી**

**રાજમહેલનું રીનોવેશન, બસપોર્ટનો પ્રારંભ, નવું એરપોર્ટ સહિતની કામગીરી પણ વેગવંતી હોવાનું જણાવ્યું**

**શહેરમાં વધારે એક પોલીસ સ્ટેશન બનાવવા અંગે પણ ગૃહમંત્રીને રજૂઆત કરવાની તૈયારી દર્શાવી**

**શહેરની ભાગોળેથી પસાર થતાં બાયપાસ માર્ગ ઉપર આકર્ષક સર્કલ બનાવાશે તેમ પણ જણાવ્યું**



અમરેલી, તા. ૧૭

અમરેલીનાં ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાનાં ભાજપનાં નાયબ દંડક કૌશિક વેકરિયાએ અમરેલી વિધાનસભા વિસ્તારમાં કરેલ અને આગામી દિવસોમાં કરવાનાં વિકાસ કાર્યો અંગે ''અમરેલી એક્સપ્રેસ''નાં તંત્રી મનોજ રૂપારેલનાં નિવાસ સ્થાને રૂબરૂ જઈને વિસ્તૃત ચર્ચા કરી હતી.

નાયબ દંડકે અમરેલીમાં પીજીવીસીએલનું બીજુ સબ ડીવીઝન મંજૂર થયું હોવાનું જણાવીને આગામી એકાદ મહિનામાં બસપોર્ટનો પ્રારંભ થઈ જશે તેમ જણાવ્યું હતું.

વધુમાં તેઓએ અમરેલીમાં અતિ આધુનિક નવું એરપોર્ટ, કોલેજ ચોકથી લઈને રેલ્વે ફાટક ઉપરથી

અનુસંધાન પાના ૬ ઉપર

Sheetal
પવિત્ર શ્રાવણ માસને મધુર બનાવો
શીતલ શ્રીખંડ સાથે
Sheetal Shrikhand
ઈલાયચી • મિક્સ ફ્રૂટ • રાજભોગ • મેંગો ફ્લેવરમાં ઉપલબ્ધ...
73000 51000

## ૨ દિવસ પહેલા એક ભાઈએ બીજા ભાઈની હત્યા કર્યાની ઘટના બની છે ત્યારે

# બાબરાનાં વાવડા ગામે સગ્ગી જનેતાએ પોતાનાં દોઢ માસનાં દિકરાને પાણીમાં ડૂબાડી મોત નિપજાવ્યું

**સ્થાનિક પોલીસ સમક્ષ મહિલાએ તમામ બાબત સ્વીકારી**

અમરેલી, તા. ૧૭

બે દિવસ પહેલાં સગ્ગાભાઈએ પોતાના ભાઈને છરી મારી કરપીણ હત્યા કરી નાંખ્યાની ઘટનાની શાહી પણ સુકાય નથી ત્યાં બાબરા તાલુકાના વાવડા ગામે સગી જનેતાએ પોતાના દોઢ માસના દિકરાને પાણીમાં ડુબાડી દઈ મોત નિપજાવી દીધાની ઘટનાથી ભારે ચકચાર મચી જવા પામી છે.

બાબરા તાલુકાના વાવડા ગામે વાડી વિસ્તારમાં રહેતી અને મુળ દાહોદ પંથકના વતની મનિષાબેન રાકેશભાઈ બામણીયા નામની મહિલા તથા તથા તેણીના પતિ રાકેશભાઈ બાબરા તાલુકાના વાવડા ગામે

અનુસંધાન પાના ૬ ઉપર

પવિત્ર શ્રાવણ માસ નિમીતે અમરેલીના માનવંતા ગ્રાહકો માટે
મેગા એક્ષચેન્જ ઓફર
તારીખ 6-8-2024 થી 2-9-2024 સુધી...
કોઈપણ કંપનીનું જુનું ફ્રીઝ, વોશીંગ મશીન તથા ઘરઘંટી એક્ષચેન્જ કરાવી
₹3000 સુધી ફાયદો મેળવો
SAMSUNG BPL IFB NATRAJ Kelvinator LG BOSCH MITSUBISHI ELECTRIC Micro
₹10,000 ની ખરીદી પર સોનાની ફ્રી ગીફ્ટ
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION | EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
RAM ENTERPRISE
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટ યાર્ડ રોડ, અમરેલી. ફોન: ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૬૮૭૦૧૪૦૦૦
AMRELI'S 1 Since 1994

ભાવાંજલિ સભા (બેસણુ)
અમારા માતૃશ્રી
મંજુલાબેન વિલાસગીરી ગોસાઈ
કૈલાસગમન પામેલ છે.
સદ્‌ગતનું બેસણું (પ્રાર્થનાસભા)
તા.૧૯/૦૮/૨૦૨૪ને
સોમવારના રોજ રાખેલ છે.
સ્થળ : મહાજન પાર્ટી પ્લોટ,
ગોપી સીનેમાની બાજુમાં, અમરેલી
સમય : સાંજના ૪:૦૦ થી ૬:૦૦
કૈલાસવાસી મંજુલાબેન વિલાસગીરી ગોસાઈ
લી.
ડો.પીયુષ વિલાસગીરી ગોસાઈ - શ્રીજી હોસ્પિટલ
ભાવેશ વિલાસગીરી ગોસાઈ - સમાજ કલ્યાણ અધિકારી
દિપક વિલાસગીરી ગોસાઈ - રાજકોટ
પ્રિયંક - જય - પ્રેરણા - સ્તુતિ - આદિત્યનાં ઓમ નમો નારાયણ
અમરેલી

ખિરાજે અકીદત
આપની તસ્વીર અમારા હૃદય સ્થાનમાં બિરાજમાન છે
સૈયદી સરકાર દાદાબાપુ કાદરી ફાતીમી
ગુજરાતમાં શિક્ષણ અને સામાજીક ક્ષેત્રે અમુલ્ય યોગદાન આપનાર
હઝરત સૈયદ દાદાબાપુ કાદરી ફાતીમી
આ ફાની દુનિયાથી પરદો કરી અલ્લાહ ત્આલાની રહેમતમાં પહોંચી ગયા છે.
અલ્લાહ પાસે દુઆ છે કે સરકારને જન્નતુલ ફિરદૌષમાં આલાથી આલા
મકામ અતા કરે તેમના દરજાત બુલંદ કરે અને તેમના સદકા માં
આપણી મગફીરત કરે. આમીન..
લી.
આઈ.જી. વાળા (નિવૃત નાયબ મામલતદાર)
સિરાજ વાળા ગ્રાહક સુવિધા કેન્દ્ર - એસ.બી.આઈ.
બાબરા

શુભઆરંભ સ્કીન ઓપીડી સોમવારથી ગોળ હોસ્પિટલમાં
હવે... અમરેલી ગોળ હોસ્પિટલમાં સ્કિનની સારવાર ઉપલબ્ધ
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Dr Raj Patolia
MBBS, MD (Skin)
સમય :
દરરોજ બપોર પછી ૫:૦૦ વાગ્યા થી સાંજના ૮ :૦૦ વાગ્યા સુધી
વધુ માહિતી માટે સંપર્ક કરો
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત.
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૯૯૯
Mobile : 99789 66629
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો જેવા કે ધાધર, ખરજવું, ખસ, ચેપી રોગો, એલર્જી, શીળસ, ગૂમડાં, રસી વગેરેનું નિદાન તથા સારવાર .
• ચેહરા પર દાઝ, કાળા ડાઘ, આંખના કુંડાળા, મોઢામાં ચાંદી વગેરેનું નિદાન તથા સારવાર.
• તમામ ખીલ, ખીલના ડાઘ તેમજ ખીલના ખાડાની સારવાર.
• નખને લાગતા તમામ રોગોનું નિદાન તેમજ સારવાર.
• વાળને લાગતા રોગો જેવા કે વાળ ખરવા, ટાલ પડવી, ઊંદરી થવી, માથાની ધાધર, ખોળો, જૂ પડવી નું નિદાન તથા સારવાર.
• નખને લાગતા રોગ જેવા કે નખની ધાધર, બટકતા નખ, નખમાં રસી ભરાવા સોરિયાસિસ વગેરેની તપાસ તથા સારવાર.
• અન્ય રોગો જેવા કે સોરિયાસીસ, સફેદ ડાઘ, ચેપી તથા સદા મસા, કપાસી, વગેરેની સારવાર.
• રક્તપિત, જાતીય રોગો વગેરેની તપાસ, ચોક્કસ નિદાન તેમજ સારવાર.

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)